**આજનો સુવિચાર**

સાચું કરવાની હિંમત તે લોકોમાં આવે છે જે ખોટું કરતાં ડરતા નથી

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૯ જૂનાગઢ તા.૧૪-૦૫-૨૦૨૪ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 129, Junagadh : Date : 14 May, 2024, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ઈ-કોમર્સ પ્લેટફોર્મના નકલી રીવ્યુ પર લગામ કસવા સરકારની તૈયારી

નવી દિલ્હીઃ તા. ૧૪

ઈ-કોમર્સ પ્લેટફોર્મનો ટ્રેન્ડ ઝડપથી વધ્યો છે. સામાન્ય રીતે, જ્યારે ગ્રાહકો કોઈ પ્રોડક્ટ ખરીદે છે, ત્યારે તેઓ સૌ પ્રથમ તેનું રેટિંગ અને સમીક્ષાઓ તપાસે છે. જો તે યોગ્ય અને સારું હોય તો પ્રોડક્ટ ખરીદવામા આવે છે. હવે પ્રશ્ન એ છે કે તમે જે પ્રોડક્ટ ખરીદ્યું છે તે રેટિંગ અને સમીક્ષા ખરેખર સાચી છે? શું આ ચૂકવેલ રેટિંગ અને સમીક્ષા છે?

આવામાં ઈ-કોમર્સ કંપનીઓ માટે ગ્રાહક સમીક્ષાઓના ગુણવત્તા ધોરણોનું પાલન કરવાનું ફરજિયાત બનાવવાનું વિચારી રહી છે. એક ટોચના અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે નકલી સમીક્ષાઓ પર વધુ અસરકારક રીતે અંકુશ લગાવવામાં આવશે. સ્વૈચ્છિક પ્રયાસો નિષ્ફળ જતાં સરકારે આ નિર્ણય લીધો છે.

### કાશી વિશ્વનાથનાં આશીર્વાદ લઈ

# વડાપ્રધાન મોદીએ ૧૧.૪૦નાં શુભમુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી





**૧૨ રાજયોનાં મુખ્યમંત્રી તેમજ કેન્દ્રીય યુપી સરકારનાં પ્રધાનોની ખાસ ઉપસ્થિતિ : એનડીએ દ્વારા શકિત પ્રદર્શન યોજાયુ : સમગ્ર કાશી મોદીનાં રંગે રંગાયુ હોવાનો સર્જાયો માહોલ**

વારાણસી તા. ૧૪ :

લોકસભાની ચૂંટણીમાં વારાણસી બેઠક ઉપરથી વડાપ્રધાન મોદીએ આજે પ્રચંડ વિજયના વિશ્વાસ સાથે પોતાની ઉમેદવારી નોંધાવી છે. આજે સમગ્ર કાશી મોદીના રંગે રંગાયુ હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાને ૧૧.૪૦ના શુભ મુહૂર્તમાં ઉમેદવારી નોંધાવી એ સમયે એનડીએ દ્વારા શકિત પ્રદર્શન કરવામાં આવ્યું છે. ૧૨ રાજયોના મુખ્યમંત્રીઓ ઉપસ્થિત રહ્યા છે એટલું જ નહિ ગૃહમંત્રી શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સહિત ૨૦ જેટલા કેન્દ્રીય અને યુપીના મંત્રીઓ પણ હાજર રહ્યા હતા. આજે નામાંકન પૂર્વે સવારે વડાપ્રધાને ગંગા સ્નાન - ગંગાપૂજા કરી હતી અને તે પછી કાળ ભૈરવના દર્શન કરી તેમના આશીર્વાદ પણ ગ્રહણ કર્યા હતા. તેમણે એનડીએના નેતાઓ સાથે બેઠક પણ યોજી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર વારાણસી લોકસભાથી પીએમ નરેન્દ્ર મોદીના નામાંકન માટે ૪ પ્રસ્તાવો લગભગ ફાઈનલ થઈ ગયા છે. માઝી સમુદાયના પ્રસ્તાવક આચાર્ય ગણેશ્વર શાસ્ત્રી, સોમા ઘોષ સરોજ ચુડામાણી અને એક મહિલા પ્રસ્તાવક તેમાં હાજર રહ્યા હતા છે.

વારાણસી લોકસભા સીટ માટે સાતમા તબક્કાનું મતદાન ૧ જૂને થવાનું છે. વડાપ્રધાન મોદી વારાણસી લોકસભા સીટ પરથી ત્રીજી વખત ચૂંટણી લડી રહ્યા છે. તેઓ ૨૦૧૪માં પહેલીવાર અહીંથી સાંસદ બન્યા હતા. આ પછી તેણે ૨૦૧૯માં પણ આ સીટ જીતી હતી. નોમિનેશન ફાઈલ કર્યા બાદ પીએમ રૂદ્રાક્ષ કન્વેન્શન સેન્ટરમાં બીજેપી કાર્યકર્તાઓ સાથે બેઠક કરશે. આ સાથે જ પીએમ કલેકટર ઓફિસમાં એનડીએ નેતાઓને પણ મળ્યા હતા.

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં જયારે ત્રીજી વખત દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને વારાણસી મત ક્ષેત્રમાંથી જયારે ઉમેદવારી નોંધાવી હોય ત્યારે લોકોનાં હૈયામાં અનેરો ઉમંગ ઉત્સાહ છવાયેલો છે આ મતક્ષેત્રમાંથી જંગી બહુમતીથી વડાપ્રધાનને વિજયી બનાવી જીતની હેટ્રીક સર્જવા મતદારો તત્પર હોવાનો માહોલ સર્જાયો હતો.

# ગુજરાતમાં ૪૧ તાલુકામાં કમોસમી વરસાદ : બેનાં મોત : ૨૪૯ ગામોમાં વિજળી ગુલ



## ગુજરાતમાં ફુંકાયેલા મીની વાવાઝોડાને પગલે તાકીદની બેઠક બોલાવતા મુખ્યમંત્રી : રીપોર્ટ કરવા આદેશ

ગાંધીનગર,તા.૧૪

ગુજરાતમાં અચાનક બદલાયેલા વાતાવરણ અને કમોસમી વરસાદને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં વરસાદ અને પવન ફૂંકાવાથી સર્જાયેલી સ્થિતિની સમિક્ષા કરવા માટે કાર્યકારી મુખ્ય સચિવ સુનયના તોમરને આદેશ આપ્યો છે.

મુખ્યમંત્રીનાં આદેશને પગલે સુનયના તોમરે અસરગ્રસ્ત જિલ્લાના કલેકટર સાથે વિડીયો કોન્ફરન્સ થકી જિલ્લાઓમાં થયેલા વરસાદ, પવન અને વીજળીની સ્થિતિ વગેરેની તલસ્પર્શી માહિતી મેળવી હતી. તેમજ આગામી બે દિવસ સુધી હવામાન વિભાગની આગાહી હોવાથી જિલ્લા તંત્રવાહકોને એલર્ટમોડ પર રહેવા અને હવામાન વિભાગની આગાહી અનુસાર આગોત્તરા આયોજન માટે પણ માર્ગદર્શન આપ્યું હતું.

રાજકોટ સહિત સૌરાષ્ટ્ર - કચ્છમાં ભરઉનાળે ખાબકેલા મીની વાવાઝોડાથી ભારે તારાજી સર્જાઇ છે. કેરી સહિત ઉનાળુ પાકમાં ભારે નુકસાન થયું છે. કાલે સાંજના ૪ વાગ્યાથી વાતાવરણમાં પલ્ટો આવ્યો હતો અને ભાવનગર, રાજકોટ, અમરેલી, બોટાદ, જૂનાગઢ, મોરબી, સુરેન્દ્રનગર સહિતના જીલ્લાઓમાં કમોસમી વરસાદ સાથે મીની વાવાઝોડુ ફૂંકાયું હતું અને કરા પડયા હતા. જેના કારણે કથા - લગ્નના મંડપ, હોર્ડિંગ્સ, બોર્ડ ઉડયા હતા. થાંભલા તૂટી પડતા વિજ પુરવઠો ઠપ્પ થઈ ગયો હતો. અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. કાલે સાંજથી શરૂ થયેલ પવનના ભયાનક સૂસવાટાથી લોકોમાં ભારે ભય ફેલાઈ ગયો હતો.

રાહત કમિશનર આલોક પાંડેએ સમિક્ષા બેઠકની વિગત આપતા કહ્યું કે, રાજયમાં કુલ ૪૧ તાલુકાઓમાં બે (૨) મિલિમીટરથી લઈને ૩૮ મિલિમીટર જેટલો વરસાદ વરસ્યો છે.વરસાદ સાથે પવનની ગતિ પણ વધી હતી અને વીજળી પડવાને કારણે રાજયમાં બે માનવ મૃત્યુ નોંધાયા છે. જયારે પવનને કારણે ૨૪૯ ગામોમાં વીજ પુરવઠાને અસર પડી હતી.તે તાત્કાલિક પૂર્વવત કરી દેવામાં આવી છે.

ઉપરાંત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર તથા જિલ્લાઓના કંટ્રોલરૂમ સતત કાર્યરત રહે તેમજ કયાંય જાનહાની ન થાય અને માલ-મિલ્કતને ઓછામાં ઓછું નુકશાન થાય તેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા પણ કાર્યકારી મુખ્ય સચિવને સુચના આપી હતી.

### રીટેલ ફુગાવો નીચે આવવા છતાં

# અનાજ - ખાદ્ય ચીજોનાં ભાવોમાં થયેલ વધારો



નવી દિલ્હી તા.૧૪

દેશમાં રીટેલ ફૂગાવાનો દર એપ્રિલ મહિનામાં સાધારણ ઘટીને ૪.૮૩ ટકા થયો હતો.કધઝયુમર પ્રાઈસ ઈન્ડેકસ આધારીત ફૂગાવાનો દર માર્ચમાં ૪.૮૫ ટકા હતો અને ગત વર્ષે એપ્રિલમાં ૪.૭ ટકા હતો. એપ્રિલમાં રીટેલ ફુગાવાનો દર ૧૧ મહિનાની નીચી સપાટીએ સરકયો હતો.જોકે આરબીઆઈનાં ૪ ટકાના ટારગેટ કરતાં સતત ૫૫ મા મહિને તે વધારે રહ્યો હતો.

નેશનલ સ્ટેટીસ્ટિકલ ઓફીસના ડેટા અનુસાર ખાદ્યચીજોનો ફૂગાવાનો દર એપ્રિલમાં વધીને ૮.૭૦ ટકા થયો હતો. જે માર્ચમાં ૮.૫૨ ટકા હતો.ફૂડ અને બેવરેજીસનાં ભાવ ૮.૮૭ ટકા વધ્યા હતા. માર્ચમાં તે ૭.૬૮ ટકા વધ્યા હતા. એપ્રિલમાં માંસ-મચ્છીના ભાવ ૮.૧૭ ટકા વધ્યા હતા. જે માર્ચમાં ૬.૩૬ ટકા વધ્યા હતા. ફળના ભાવ ૫.૨૨ ટકા વધ્યા હતા. જે માર્ચમાં ૩.૦૭ ટકા વધ્યા હતા.શાકભાજી અને કઠોળનાં ભાવ સાધારણ ઘટયા હતા. જોકે તેમ છતાં તે ડબલ ડીજીટમાં રહ્યા હતા. ફોર ઈન્ફલેશન ઘટીને ૩.૨ ટકા થયો હતો જે ૨૦૧૨ પછીની સૌથી નીચો છે. ફોર ઈન્ફલેશનમાં ફૂડ અને ફયુઅલને ગણતરીમાં લેવાતા નથી.

ઈકરાનાં ચીફ ઈકોનોમીસ્ટ અદિતિ નાયરના મતે ફૂડ અને બેવરેજીસમાં ભાવ વધારો મે મહિનામાં ૮ ટકાથી વધુ રહેવાની સંભાવના છે. કારણ કે મોટાભાગના રાજયોમાં તાપમાન ખાસ્સુ વધારે રહ્યું છે અને હીટવેવ છે. તેને કારણે મે મહિનામાં રીટેલ ફૂગાવાનો દર વધીને ૫.૧, ૫.૨ ટકા રહેવાનો અંદાજ છે.

## ભારત અને ઈરાન વચ્ચે ચાબહાર ડીલ પર અમેરિકાની ચેતવણી!

નવી દિલ્હી, તા.૧૪

ભારતે ઈરાનના ચાબહાર પોર્ટને દસ વર્ષ માટે ઓપરેટ કરવા માટે તેહરાન સાથે કરાર કર્યો છે. આ સમયગાળા દરમિયાન ભારત આ બંદરને માત્ર ઓપરેટ કરશે જ નહીં પરંતુ તેનો વિકાસ પણ કરશે. પરંતુ હવે અમેરિકાએ આ અંગે ચેતવણી આપી છે.અમેરિકાએ ચેતવણી આપી છે કે ઈરાન સાથે વેપાર કરવાનું વિચારી રહેલા કોઈપણને અમારી તરફથી સંભવિત પ્રતિબંધોના જોખમોથી વાકેફ રહેવાની જરૂર છે.જયારે અમેરિકાના સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રિન્સિપલ ડેપ્યુટી પ્રવક્તા વેદાંત પટેલને ચાબહાર પોર્ટને લઈને ભારત અને ઈરાન વચ્ચે થયેલી સમજૂતી વિશે પૂછવામાં આવ્યું ત્યારે પટેલે કહ્યું કે અમે એવા અહેવાલોથી વાકેફ છીએ કે ઈરાન અને ભારતે ચાબહાર પોર્ટને લઈને ડીલ કરી છે. ભારત સરકારની પોતાની વિદેશ નીતિ છે. તે ચાબહાર પોર્ટ અને ઈરાન સાથેના તેમના દ્વિપક્ષીય સંબંધોને લઈને ઈરાન સાથે કરવામાં આવેલા સોદાને વધુ સારી રીતે સમજે છે.

# મુંબઈમાં હોર્ડિંગ્સ દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને ૧૪ થયો



મુંબઈ તા. ૧૪

મુંબઈના ઘાટકોપરમાં પેટ્રોલ પંપ પર લાગેલું એક હોર્ડિંગ સોમવારે બપોરે લગભગ ૩ વાગ્યે જોરદાર વાવાઝોડાને કારણે પડી ગયું હતું. આ અકસ્માતમાં અત્યાર સુધીમાં ૧૪ લોકોનાં મોત થયા છે. મોડી રાત સુધી મૃત્યુઆંક ૯ થયો હતો. હોર્ડિંગ્સ અથડાતાં ૭૪ લોકો ઘાયલ થયા છે. NDRFની ૬૭ સભ્યોની ટીમે ૭૮ લોકોને સુરક્ષિત બહાર કાઢ્યા હતા.

શરૂઆતનાં અંદાજના આધારે, આ બિલબોર્ડનું વજન ૨૫૦ ટન હોવાનું કહેવાય છે. પંત નગર પોલીસ સ્ટેશનમાં હોર્ડિંગ માલિક ભાવેશ ભીંડે અને અન્યો વિરુદ્ધ IPCની કલમ ૩૦૪, ૩૩૮, ૩૩૭ હેઠળ કેસ નોંધીને તેની તપાસ કરવામાં આવી રહી છે.

મુંબઈમાં સોમવારે બપોરે અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ધૂળની ડમરીઓ બાદ વરસાદ પણ શરૂ થયો હતો. અંધારું થઈ ગયું. જેના કારણે લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

આ ઘટના બાદ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનએ એક નિવેદન જાહેર કરીને કહ્યું કે બિલબોર્ડ તેમની પરવાનગી વગર લગાવવામાં આવ્યું હતું. BMC અનુસાર, તે જગ્યાએ ચાર હોર્ડિંગ્સ હતા અને તે તમામ ACP (વહીવટ) દ્વારા પોલીસ કમિશનર (રેલ્વે મુંબઈ) માટે મંજૂર કરવામાં આવ્યા હતા. હોર્ડિંગ્સ લગાવતા પહેલા એજન્સી/રેલ્વે દ્વારા મ્સ્ઞ પાસેથી કોઈ પરવાનગી લેવામાં આવી ન હતી.

મુખ્યમંત્રી એકનાથ શિંદે વાવાઝોડાને કારણે થયેલા વિનાશનું નિરીક્ષણ કરવા ઘાટકોપર વિસ્તારમાં પહોંચ્યા. જયાં તેમણે અધિકારીઓને ઘણી સૂચનાઓ આપી. તેમણે કહ્યું કે લોકોને બચાવવા એ અમારી પ્રાથમિકતા છે. આ ઘટનામાં ઘાયલ થયેલા લોકોની સારવારનો ખર્ચ સરકાર ઉઠાવશે. મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને ૫ લાખ રૂપિયા આપવામાં આવશે. મેં સંબંધિત અધિકારીઓને મુંબઈમાં આવા તમામ હોર્ડિંગ્સનું ઓડિટ કરવાનો નિર્દેશ આપ્યો છે.

## રાજયસભાનાં સાંસદ સુશીલ મોદીનાં અંતિમ સંસ્કારમાં જે.પી. નડ્ડા હાજર રહેશે



પટના તા. ૧૪

બિહારના પૂર્વ ડેપ્યુટી સીએમ અને રાજ્યસભાના સાંસદ સુશીલ કુમાર મોદીનું સોમવારે સાંજે દિલ્હી AIIMSમાં સારવાર દરમિયાન નિધન થયું હતું. તેઓ ૭૨ વર્ષના હતા. છેલ્લા કેટલાક સમયથી તેમને ગળાની કેન્સરની બિમારી હતી.

સુશીલ મોદીના નિધન પર ચિરાગ પાસવાન ભાવુક થઈ ગયા હતા. તેણે કહ્યું- આજે તેઓ આપણી વચ્ચે નથી. આ એક મોટી ખોટ છે. આદર્શો સાથે સુશીલ મોદી વિપક્ષ અને સત્તા બંનેમાં રહ્યા. આ બધું કોઈ કરી શકતું નથી.

ડેપ્યુટી સીએમ સમ્રાટ ચૌધરી અને રવિશંકર પ્રસાદ બીજેપી ઓફિસ પહોંચ્યા છે. રવિશંકર પ્રસાદે કહ્યું કે લાલુ પ્રસાદ જેવા મજબૂત નેતા સામે ઊભા રહેવાની કોઈની હિંમત નથી. આવા સમયમાં સુશીલ મોદી મક્કમતાથી ઉભા રહ્યા. સુશીલ મોદી ઘાસચારા કૌભાંડમાં પિટીશનર હતા અને હું વકીલ હતો. ઘણા દબાણ છતાં તેઓ ઝૂક્યા નહીં. મુદ્દાઓ સાથે કેવી રીતે જોડાયેલા રહેવું તેની પાસેથી શીખવું જોઈએ.

સુશીલ મોદીના પાર્થિવ દેહને પહેલા તેમના નિવાસસ્થાને અને પછી પાર્ટી ઓફિસમાં લગભગ ૨ થી ૩ વાગ્યા સુધી રાખવામાં આવશે. આ પછી વિધાનસભા લાવવામાં આવશે. જ્યાં સીએમ નીતિશ કુમાર અને અન્ય ધારાસભ્યો શ્રદ્ધાંજલિ આપશે.

**ખોડલધામ ટુર**

મથુરભાઈ વાગડીયા
જૂનાગઢ. મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭

(૧) ચાલો ઉત્તરાખંડ ચારધામ
ગંગોત્રી, જમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ, હરીદ્વાર, ગોકુલ, મથુરા,
પ્ર. દિવ. ૧૮ ઉ. તા. ૧૫-૫-૨૦૨૪

(૨) ચાલો અમરનાથ બર્ફિલા મહાદેવ
વૈશ્નોદેવી, શ્રીનગર, અમૃતસર, વાઘા બોર્ડર
પ્ર. દિવ. ૧૫ ઉ. તા. ૧-૭-૨૦૨૪


(૩) ચાલો અયોધ્યા બનારસ ગયા
ઉજ્જૈન, ચિત્રકુટ, અલહાબાદ, હરીદ્વાર, ગોકુલ, મથુરા, પૂષ્કર, શ્રીનાથજી
પ્ર.દિવ.૧૫ ઉ. દરમહિને

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.
આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે

:: ફોન કરવા માટેનો સમય ::
સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ

૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-
૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી

સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨
જૂનાગઢ

**જોઈએ છે** જૂનાગઢનાં ફેમસ શો-રૂમમાં

વર્ક કરી શકે તેવા લેડીઝ - જેન્ટસ જોઈએ છે
સેલ્સ ગર્લ્સ જોઈએ છે
મો. ૯૯૭૮૬ ૫૪૧૫૫

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩

• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# જૂનાગઢની ન્યુ લાઈફ કેર હોસ્પિટલની બીજી વર્ષગાંઠની ઉજવણી : લોકડાયરો યોજાયો

## વિવિધ સેવાભાવી સંસ્થાઓ માટે લોકડાયરાના માધ્યમથી લોક સહયોગ એકત્રીત કરાયો








જૂનાગઢ તા.૧૪

જૂનાગઢનાં જાણીતા ડો.કે.પી.ગઢવી દ્વારા ન્યુ લાઈફ કેર હોસ્પિટલના ૨ વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે ક્રિષ્ના પાર્ટી પ્લોટ જૂનાગઢ ખાતે લોક કલાકાર રાજભા ગઢવી ના લોક ડાયરા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ નો મુખ્ય હેતુ જય દ્વારકાધીશ ગૌસેવા ટ્રસ્ટ શાંતિપરા, ભોળેનાથ સેવા મંડળ, જુનાગઢ અને રાજભા ગઢવી ગીર ફાઉન્ડેશન ટ્રસ્ટને સન્માનિત કરવા અને આ સંસ્થાઓ માટે લોક ડાયરામાં માધ્યમથી લોક સહયોગ એકત્રિત કરવો હતો. આ કાર્યક્રમમાં મહેશગીરી બાપુ, મોહનભાઈ પાનસૂરીયા, ધંધુસર વિસ્તારના મેર અગ્રણીઓ, ઘેડ વિસ્તારના આહિર અગ્રણીઓ, તેમજ સૌરાષ્ટ્ર ભૂમિના તંત્રી અભિજીતભાઈ ઉપાધ્યાય, જૂનાગઢ ટુડેમાંથી કૃષ્ણકાંતભાઈ રૂપારેલીયા અને દિવ્ય ભાસ્કરના નિમેષભાઈ ઠાકરે ઉત્સાહવર્ધક હાજરી આપી હતી. ન્યુ લાઈફ કેર હોસ્પિટલ ની દ્વિતીય વર્ષગાંઠ પર યોજાયેલ આ કાર્યક્રમ માં લોક ડાયરા ના માધ્યમથી અંદાજીત રૂપિયા ૩ લાખ જેવો લોક સહયોગ પ્રાપ્ત થયો હતો જેમાં જય ભોલનાથ ગૃપમાં ૫૧,૦૦૦, દ્વારકાધીશ ગૌશાળાને ૧,૧૧,૦૦૦, સર્વ સાક્ષરતા અભિયાનને ૫૧૦૦૦, રાજભા ગઢવી ગીર ફાઉન્ડેશન ટ્રસ્ટને ૫૦ હજાર તેમજ ગીરનારી ગ્રુપ સંજય બુહેચાને સંસ્થા માટે ૨૧૦૦૦ અર્પણ કરાયા હતા અને આ કાર્યક્રમ માં ૨૫૦૦ જેટલા લોકોએ રાત્રિ ભોજન અને લોક ડાયરામાં સામેલ થયા હતા.

૨૪ વર્ષથી ગાયનેક ક્ષેત્રમાં સેવા આપતા અને સમાજ સેવી સંસ્થાઓ સાથે સતત રીતે જોડાયેલ ડો કે પી ગઢવી નું પણ સામેલ સંસ્થાઓ દ્વારા સન્માન કરવામાં આવ્યું, તેમજ ન્યુ લાઈફ કેર હોસ્પિટલ ના સ્ટાફ ને તેમની ખંતપૂર્વક ની સેવાઓ બદલ સન્માનિત કરવામાં આવ્યા. સ્વાસ્થ્ય અને આરોગ્ય ના ક્ષેત્ર સાથે જોડાયેલ તમામ લોકો માટે આ એક ઉદાહરણ રૂપ કાર્યક્રમ હતો કે જેમાં સમાજ, સાહિત્ય અને સેવા ક્ષેત્રને સાંકળી સમાજ સેવી સંસ્થાઓને પ્રેરિત અને સન્માનિત કરી શકાય. સમાજ, સેવા અને સાહિત્ય ના ક્ષેત્રને સાંકળતો આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો હતો.

# વિસાવદરના વિપ્ર પરિવારના યુવકને આર્થિક સહાય કરવા ટહેલ



(વિનુ પુરોહિત દ્વારા) વિસાવદરતા. તા.૧૪

વિસાવદર ના હનુમાનપરા વિસ્તારમાં રહેતા એક અતિ ગરીબ વિપ્ર પરિવારના ભરતભાઈ નંદલાલભાઈ વ્યાસને અકસ્માતે ઈજાઓ થતા તેઓ સંપૂર્ણપણે પથારીવશ થઈ ગયેલ તેઓની સારવાર કરાવવાના તેમની પાસે રૂપિયા ન હોય જેથી તેઓને તબીબી સલાહ મુજબ સારવાર મળી રહે અને તેઓ જલ્દીથી સાજા થઈ જાય તે માટે લોકોને આર્થિક મદદરૂપ થવા આ ટહેલ કરવામાં આવે છે. તેઓનું વિસાવદર એસ.બી.આઈ બેંકમાં એકાઉન્ટ નંબર ૩૯૨૨૧૦૨૦૧૦થી એકાઉન્ટ ધરાવતા હોય તેઓના એકાઉન્ટ માં આપની યથાશક્તિ શક્તિ મુજબ આર્થિક સહાય કરવા અપીલ કરવામાં આવે છે. તેઓના મોબાઈલ નંબર ૯૬૦૧૧ ૪૧૪૦૪ છે.આ એકાઉન્ટમાં આપશ્રી રૂપિયા ૫૦,૧૦૦ કે આપની યથાશક્તિ મુજબ યોગદાન આપો તેવી તેમને અપીલ કરેલ છે.

# એસ.એસ.સી બોર્ડ ધો. ૧૦ ની પરીક્ષામાં વિસાવદર કેન્દ્ર ફર્સ્ટ દ્રષ્ટિબેન વિકમા



(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૧૪

વિસાવદર સ્વામિનારાયણ ગુરુકુળ સંસ્થામાં અભ્યાસ કરતી માંડાવડ ગામની વિદ્યાર્થીની દ્રષ્ટિ વિમલભાઈ વિકમા એસ.એસ.સી.બોર્ડ ધો.૧૦ની પરીક્ષામાં ૯૯.૪૭ પી.આર. સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર વિસાવદર તાલુકા કેન્દ્ર ફર્સ્ટ આવેલ. સંસ્થા, પરિવાર તેમજ રાજગોર બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધારેલ છે.

સંસ્થા પ્રિન્સિપાલ સ્ટાફગણ સહધ્યાયીઓ, સ્નેહીજનો તથા પરિવારજનોએ શુભેચ્છાઓ પાઠવેલ. દ્રષ્ટિના જણાવ્યા મુજબ મમ્મી-પપ્પા નું માર્ગદર્શન અને મારા ગુરુવર્યઓનું વિશેષ જ્ઞાન મને ખૂબ ઉપયોગી નિવડેલ.

# ખંભાળિયા પંથકમાં વાતાવરણ પલટાયું વંટોળિયા પવન સાથે અમી છાંટણા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

ખંભાળિયા પંથકમાં ગતરાત્રિના વાતાવરણમાં પલટો આવ્યો હતો અને વંટોળિયા જેવા પવન સાથે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં હળવા અમી છાંટણા વરસ્યા હતા.

ખંભાળિયા શહેર તથા નજીકના વિસ્તારોમાં હવામાન વિભાગની આગાહી મુજબ ગત મોડી રાત્રે વાતાવરણ પલટાયું હતું. જેમાં તેજ ફૂંકાતા પવન વચ્ચે ધૂળની ડમરીઓ ઉડી હતી. આટલું જ નહીં, આકાશમાં વીજળીના કડાકા ભડાકા પણ થયા હતા. જોકે માવઠું ન વરસતાં ખાસ કરીને ધરતીપુત્રોએ રાહત અનુભવી હતી. બદલાયેલા માહોલ વચ્ચે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા છેલ્લા દિવસોમાં અનુભવાય રહેલી કાળઝાળ ગરમીથી લોકોને આંશિક રાહત મળી હતી. ગત મોડી રાત્રે બદલાયેલા માહોલ વચ્ચે અનેક સ્થળોએ વીજ પુરવઠો ખોરવાઈ જતા લોકોએ હાલાકીનો અનુભવ કર્યો હતો.

# ઓસ્ટ્રેલિયા ખાતે વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું થશે નિર્માણ

### ઓસ્ટ્રેલિયાના સીડનીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના તત્વાવધાનમાં નૂતન કૃષ્ણધામ હવેલીનું નિર્માણ થવા જઈ રહ્યું છે

નવી દિલ્હી, તા.૧૪

ઓસ્ટ્રેલિયા ખાતે વૈષ્ણવ સંપ્રદાયની સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું નિર્માણ થવા જઈ રહ્યું છે ત્યારે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન સીડની ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં વ્રજરાજકુમારજી મહારાજની અધ્યક્ષતામાં સુંદર ભવ્યાતિ ભવ્ય અને સૌથી મોટું સંકુલ નૂતન હવેલી નું નિર્માણ થવા જઈ રહ્યું છે. આ સંકુલ માટે બે એકર જમીનનું સંપાદન થયું છે.મળતી માહિતી મુજબ ઓસ્ટ્રેલિયાના સીડનીમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના તત્વાવધાન માં નૂતન કૃષ્ણધામ હવેલી નું નિર્માણ થવા જઈ રહ્યું છે. જેની માટે વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગૌસ્વામી ૧૦૮ વ્રજરાજકુમારજી મહારાજ દ્વારા આ નિર્માણ થવા જઈ રહ્યું છે. વ્રજરાજકુમાર મહારાજ સમગ્ર વિશ્વમાં હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર કરવામાં આવી રહ્યો છે. તેમના જીવનની દરેક ક્ષણમાં તેઓ માત્ર એક જ વિચાર કરતા હોય છે અને તે છે હિન્દુ સંસ્કૃતિ અને ધર્મનો પ્રચાર પ્રસાર, સમગ્ર વિશ્વમાં વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનની સ્થાપના કરવામાં આવે જેને લઈને ઓસ્ટ્રેલિયામાં સૌથી મોટી હવેલી કૃષ્ણધામ સંકુલનું નિર્માણ થશે.ઓસ્ટ્રેલિયાના તત્વાવધાનમાં અનેક કાર્યક્રમો સમાજલક્ષી, માનવતાલક્ષી તેમજ ધર્મલક્ષી અને કથાઓનું પણ આયોજન થતું હોય છે. ત્યારે છેલ્લા ઘણા સમયથી સિડનીમાં વસતા વૈષ્ણવો જેની આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા તે પ્રતીક્ષાનો હવે, અંત આવી ગયો છે. વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે હવેલીનું નિર્માણ થવા જઈ રહ્યું છે.વિવાયઓ સિડનીના તત્વાવધાનમાં સિડની ખાતે બે એકરમાં વિશાળ હવેલી આકાર લેવા જઈ રહી છે. જે માટે જમીનનું સંપાદન પણ થઇ ગયું છે. જે જમીન પર દિવ્ય અને ભવ્ય કૃષ્ણધામ હવેલીનું નિર્માણ કરવામાં આવશે. જેનું દિવ્ય ભૂમિપૂજન ઠાકોરજીની કૃપાથી આગામી ઓગસ્ટ મહિનામાં કરવામાં આવનાર છે. ત્યારે આવો આ ભગીરથ કાર્યમાં આપણે સૌ વૈષ્ણવો તન, મન અને ધનથી જોડાવા અપીલ કરી છે.

# જૂનાગઢનું ગૌરવ



જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ ૧૦૮માં ફરજ બજાવતા જીતુદાન ગઢવીની પુત્રી ઋતુ જીતુદાન ગઢવી સોરઠ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં અભ્યાસ કરતી ધોરણ ૧૦ **SSC** પરીક્ષા માં સારા માર્ક કે પાસ થયેલ **PR 90.74** આવેલ વગર ટ્યુશન મહેનત કરેલ અને સફળતા મેળવેલ છે. તેમને અભિનંદન અને શુભકામના પાઠવવામાં આવી રહેલ છે.

# કર્મચારીને ખોટી રીતે છૂટાં કરનારા નોકરી દાતાને 'પ્રીમિયમ' ન મળી શકે: હાઈકોર્ટ

## RPF કોન્સ્ટેબલને બાકીના નાણાં ચૂકવવાના સિંગલ જજના આદેશને ડિવિઝન બેંચની બહાલી

અમદાવાદ, તા.૧૪

RPFના કોન્સ્ટેબલને નોકરીમાં પરત લઈને બાકી નાણાં (બેક વેજીઝ) ચૂકવવાના સિંગલ જજના ચુકાદાને પડકારતી RPFના ડિરેક્ટર જનરલની અપીલને રદ કરતાં હાઈકોર્ટે એવું મહત્ત્વપૂર્ણ અવલોકન કર્યું છે કે,'સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ રીતે ઠરાવ્યું છે કે કોઈ કર્મચારીને ખોટી રીતે કે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોય ત્યારે નોકરી આપનારે ખોટું કર્યા હોવાનું કહેવાય અને કર્મચારી પીડિત ગણાય. ત્યારે ખોટું કરનારા નોકરી દાતાને કર્મચારીના બાકી નાણાં ચૂકવવામાંથી મુક્તિ આપીને 'પ્રીમિયમ' (લાભ કે રાહત) આપવું યોગ્ય અને ન્યાયી નથી.' હાઈકોર્ટની ડિવિઝન બેંચે સિંગલ જજના ચુકાદાને બહાલ રાખતાં આદેશની નકલ મળ્યાના આઠ સપ્તાહમાં કર્મચારીને 50% બેક વેજીસ આપવાનો આદેશ કર્યો છે. પ્રસ્તુત કેસમાં RPFના ડિરેક્ટર જનરલ અને અન્યો દ્વારા હાઈકોર્ટના સિંગલ જજના ચુકાદા સામે ડિવિઝન બેંચમાં અપીલ કરવામાં આવી હતી. જેમાં કર્મચારી કે RPFમાં કોન્સ્ટેબલ હતો તેને સિંગલ જજના ચુકાદા મુજબ નોકરીમાં પરત લઈ લેવામાં આવ્યો હતો પરંતુ 50% બેક વેજીસની ચુકવણીથી નાણાકીય બોજો પડશે એવી દલીલ કરવામાં આવી હતી. એવી દલીલ પણ કરવામાં આવી હતી કે એકવાર પેનલ્ટી લગાવી દેવામાં આવી હોય ત્યારબાદ બેક વેજીસ આપવાથી નાણાકીય ફટકો પડશે. ડિવિઝન બેંચે કેસના તમામ તથ્યો અને સામે આવેલી હકીકતોનું મૂલ્યાંકન કરતાં ચુકાદામાં નોંધ્યું હતું કે,'સિંગલ જજના આદેશને ધ્યાનમાં લઈએ તો પણ સ્પષ્ટ થાય છે કે ખુદ રિવ્યૂ કરનારી ઓથોરિટીએ એના આદેશમાં નોંધ્યું હતું કે,'પત્નીની માંદગીના સંજોગોના પગલે કર્મચારી નોકરીએ હાજર રહી શક્યો નહોતો'. તેની રજાની અરજી ડોક્યુમેન્ટેડ છે અને તે 45 દિવસ બાદ નોકરી પર પરત હાજર થઈ ગયો હતો. તેથી એકસ-કોન્સ્ટેબલનો કોઈ બદઈરાદો નહોતો. પરંતુ તેની બીમાર પત્નીના કારણે તે હાજર થઈ શક્યો નહોતો. તેથી ખુદ વિભાગને પણ એમ જણાયું હતું કે કર્મચારી અનઅધિકૃત રીતે ગેરહાજર રહ્યો નહોતો. આ વાતની નોંધ લઈ સિંગલ જજે કર્મચારીને નોકરીમાં પરત લેવાની અને 50% બેક વેજીસ આપવાનો હુકમ કર્યો હતો. જોકે આ અપીલ દાખલ થાય એ પહેલાં જ કર્મચારીને સર્વિસમાં લઈ લેવામાં આવ્યો હોવાનું ખુદ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું હતું.' ખંડપીઠે વધુમાં નોંધ્યું હતું કે,'ઉક્ત સંજોગોમાં અમારી સમક્ષ માત્ર એટલો જ મુદ્દો રહે છે કે કર્મચારીને 50% બેક વેજીસની ચુકવણી કરવી કે કેમ. વિભાગનું કહેવું છે કે 50% બેક વેજીસ આપવાથી કર્મચારીની ગેરવર્તણૂક સામે તેને પ્રિમિયમ આપવા સમાન થશે. જો કે સુપ્રીમ કોર્ટના દિપાલી ગુંડુ અને તે સિવાય પ્રદીપ જૈનના કેસોને ધ્યાનમાં લેવામાં આવે તો એમાં સ્પષ્ટ છે કે જો નોકરીદાતા દ્વારા વૈધાનિક જોગવાઈઓનો ભંગ કરવામાં આવ્યો હોય તો કર્મચારી પીડિત ગણાય અને તેને બેક વેજીઝની ચુકવણી કરવાનો હુકમ ન્યાયી કહેવાય. બીજી તરફ સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું છે કે કોઈ કર્મચારીને ખોટી રીતે કે ગેરકાયદેસર રીતે નોકરીમાંથી દૂર કરવામાં આવ્યા હોય ત્યારે નોકરી આપનારે ખોટું કર્યા હોવાનું કહેવાય અને કર્મચારી પીડિત ગણાય. ત્યારે ખોટું કરનારા નોકરી દાતાને કર્મચારીના બાકી નાણાં ચુકવવામાંથી મુક્તિ આપીને 'પ્રિમિયમ' આપી શકાય નહીં.'

# EVMના CCTV ફૂટેજ સાચવવાની માંગ કરાઈ

નવી દિલ્હી, તા.૧૪

દિલ્હી હાઈકોર્ટે ચૂંટણી પંચને ઈવીએમના સંબંધમાં લેવામાં આવેલી વિડિયોગ્રાફી અને સીસીટીવી ફૂટેજની જાળવણી અને વીડિયો ફૂટેજને સાચવવા માટે અપનાવવામાં આવી રહેલા માર્ગદર્શિકા અંગે એફિડેવિટ દાખલ કરવા જણાવ્યું છે. જસ્ટિસ સચિન દત્તાએ રામપુર લોકસભાના ઉમેદવાર વકીલ મહમૂદ પ્રાચા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર પંચને નોટિસ જારી કરી છે. જેમાં કોર્ટે કહ્યું કે ચૂંટણીને પડકારવાના મામલામાં સીસીટીવી ફૂટેજ મહત્વની ભૂમિકા ભજવે છે.કોર્ટે 10મી મેના રોજના તેના આદેશમાં જણાવ્યું હતું કે, "પ્રતિવાદી/ચૂંટણી પંચે ફર્સ્ટ લેવલ ચેક (એફએલસી) કર્યા પછી ઈવીએમના સંબંધમાં કરવામાં આવેલી વિડિયોગ્રાફી/સીસીટીવી કવરેજના સંદર્ભમાં પ્રતિવાદી/ચૂંટણી પંચને નિર્દેશ આપવા જરૂરી છે. પેરા 6.1.1(e) માં નિર્દિષ્ટ સ્ટેજ સુધી "ચૂંટણી પ્રક્રિયાના વિવિધ તબક્કામાં વિડિયો/CCTV ફૂટેજની જાળવણી માટે લાગુ થતા ધોરણો/માર્ગદર્શિકાઓ દર્શાવતી એફિડેવિટ ફાઈલ કરવાનો નિર્દેશ આપવામાં આવે છે."વાસ્તવમાં, રામપુરથી અપક્ષ ઉમેદવારે પોતાની અરજીમાં કહ્યું છે કે 19 એપ્રિલે ત્યાં ચૂંટણી યોજાયા બાદ તેમણે ચૂંટણી પંચને વિનંતી કરી હતી કે ચૂંટણી પ્રક્રિયા દરમિયાન રેકોર્ડ કરાયેલા તમામ સંબંધિત વીડિયોને સાચવી રાખવાનો નિર્દેશ આપે. પરંતુ તેને કોઈ જવાબ મળ્યો ન હતો. અરજીમાં જણાવાયું છે કે કમિશન દ્વારા જારી કરાયેલ ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો પર મેન્યુઅલ વીડિયોગ્રાફી અને સીસીટીવી કવરેજ દ્વારા ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા જાળવવા માટે વિવિધ સુરક્ષા પગલાં પૂરા પાડે છે.મેન્યુઅલમાં EVM વેરહાઉસ અને સ્ટ્રોંગ રૂમમાં સીસીટીવી કવરેજ ફરજિયાત હોવાનું જણાવતાં અરજદારે કહ્યું કે જો ચૂંટણી પિટિશન ફાઈલ કરવી હોય તો ચૂંટણીની તારીખથી 45 દિવસ સુધી ચૂંટાયેલા ઉમેદવારના ફૂટેજનું રક્ષણ કરવું ફરજિયાત છે. "મેન્યુઅલ વોટિંગ સાથે EVM સ્ટ્રોંગ રૂમના સુરક્ષા પગલાંનું CCTV કવરેજ ફરજિયાત કરે છે.

# ખંભાળિયાની શૈક્ષણિક સંસ્થાનું પરિણામ ૧૦૦ ટકા



(પ્રતિનિધી દ્વારા) જામ ખંભાળિયા, તા.૧૪

ખંભાળિયામાં આવેલી જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી ડિવાઈન ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગનું તાજેતરમાં જી.એન.એમ. અને એ.એન.એમ.નું ૧૦૦ ટકા પરિણામ આવ્યું છે. તાજેતરમાં આવેલા જી.એન.સી.ના પરિણામમાં ખંભાળિયાની શ્રી ડિવાઈન ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગમાં એ.એન.એમ. (સેકન્ડ યર) અને જી.એન.એમ. (સેકન્ડ યર)ના તમામ વિદ્યાર્થીઓ ઉતીર્ણ થતા આ સંસ્થાનું પરિણામ સો ટકા આવ્યું છે. આ સિદ્ધિને બિરદાવવા સંસ્થાના ડાયરેક્ટર ડોક્ટર પી.વી. કંડોરીયાએ દરેક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી, સતત પ્રયત્નશીલ રહેલા તમામ ટિચિંગ ફેકલ્ટીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# જૂનાગઢ મુસ્લિમ મેમણ સમાજનું ગૌરવ



જૂનાગઢ તા.૧૪

જૂનાગઢની નામાંકિત કાર્મેલ કોન્વેન્ટ સ્કૂલમા અભ્યાસ કરતી ખંધા જીયા હાજી રજાક ભાઈએ ચાલુ વર્ષે ધોરણ બારની સામાન્ય પ્રવાહ અંગ્રેજી માધ્યમની પરીક્ષાના આવેલ પરિણામમા પર્સેન્ટાઈલ રેક ૯૭.૭૪ મેળવી શાળા મા પ્રથમ ક્રમાંક ધીયા ક્લાસિસમા દિતિય અને જૂનાગઢ જિલ્લામાં સાતમો ક્રમાંક મેળવી સમગ્ર મુસ્લિમ મેમણ સમાજ નું ગૌરવ વધારેલ છે આ સફળતા સર કરવામાં શાળા પરિવાર ધીયા ક્લાસિસ અને ખાસ કરીને સિનિયર એડવોકેટ શકીલ અહેમદ શૈખ ના પરિવારની સહભાગિતા સાથે આભારની લાગણી ખંધા પરિવાર વ્યક્ત કરે છે.

# કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો પ્રારંભ

મુંબઈ, તા.૧૪ : કાન્સ ફિલ્મ ફેસ્ટિવલનો આ વીકમાં પ્રારંભ થઈ રહ્યો છે. આ ફેસ્ટિવલમાં દુનિયાના સૌથી મોટા ફિલ્મ માર્કેટ માર્ચે ડુ ફિલ્મમાં અમદાવાદની અનોખી વિશેષતા આધારિત ફિલ્મ રિલીઝ થવાની છે. અમદાવાદ શહેરના વિવિધ વિસ્તારોમાં ફરતી વખતે તેમણસ્થાપત્ય શૈલીના ચિત્રો બનાવવાનું શરૂ કર્યું હતું.

# ખંભાળિયા: વિપ્ર પરિવાર દ્વારા નાયરોબીમાં ભાગવત કથાનું આયોજન

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

નાયરોબી કીટાલે (કેન્યા) ખાતે શ્રી રાજ્ય પુરોહિત મિત્ર મંડળના ઉપક્રમે દુર્લભરામ સુંદરજી ખેતીયા પરિવાર દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. બ્રહ્મસભા નાયરોબીનની મધ્યે આ પ્રસંગે ખંભાળિયા સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીતુભાઈ મોતા તથા તેમના સુપુત્રી શ્રેયા અને મનીષભાઈ સાથે શ્યામભાઈ પુરોહિત, હર્ષિદાબેન દ્વારા આ ભાગવત સપ્તાહના આયોજન બદલ મહેન્દ્રભાઈ, મોહનભાઈ, દિનેશભાઈ, અશોકભાઈ, શૈલેષભાઈ ખેતીયાનું સાલ ઓઢાડી તેમજ પુષ્પગુચ્છ વડે સન્માન કરવામાં આવ્યું હતું.

## : અવસાન નોંધ :

સોરઠીયા વાણંદ દિવ્યેશભાઈ ભગવાનજીભાઈ કુંડલીયા (ઉ.વ.૫૭)તે કિશન ભાઈ, નૈમિષ ભાઈનાં પિતા તેમજ ચંદુ ભાઈ, રમેશ ભાઈનાં નાનાભાઈનું તા.૧૩/૫/૨૦૨૪નાં રોજ અવસાન થયું છે.

# પ્રજ્ઞાચક્ષુ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અંધ કન્યા છાત્રાલય તેમજ સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ જૂનાગઢના સહયોગથી અંધ બહેનો માટેની જનજાગૃતિ શિબિર યોજાઈ



જૂનાગઢ, તા.૧૪

અંધ કન્યા છાત્રાલય દ્વારા તા.૧૧-૧૨ મે ૨૦૨૪ શનિવાર અને રવિવાર બે દિવસ માટે ગુજરાતની અંધ બહેનો માટે જનજાગૃતિ શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં ૯૦ અંધ દીકરીઓ ઉપસ્થિત રહી હતી. આ દિવ્યાંગ દિકરીઓની શિબિર અને તેના જીવનના ઉત્કર્ષ માટે અને તેમના જીવન વિકાસ માટે સતત ચિંતિત સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા તેમજ મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથી દ્વારા શૈક્ષણિક અને પ્રેરણાદાયક લેક્ચરો ગોઠવવામાં આવ્યા હતા જેમાં ખાસ કરીને સરકાર દ્વારા દિવ્યાંગોને મળતી સવલતો અને આ દિવ્યાંગ દિકરીઓને મળતી સહાયો અને યોજનાઓ વિશે જાગૃત કરવાનો નવતર પ્રયોગ હતો જે બીજા લોકો ને આવો વિચાર પણ ન આવે તે આ હરહંમેશ કરે છે. વિશેષમાં જુદા જુદા ક્ષેત્રે દિવ્યાંગોને મળેલી સિદ્ધિઓ જેમાં ખાસ કરીને ગ્રીનીચ બુક ઓફ રેકોર્ડમાં સિદ્ધિ પ્રાપ્ત કરનાર જૂનાગઢના પ્રથમ પ્રજ્ઞાચક્ષુ સી.એ.ની પ્રથમ પદવી પ્રાપ્ત કરનાર આશિષભાઈ માંકડ દ્વારા ગાણિતિક સિદ્ધિ વિશે પ્રેરણાદાયી લેક્ચર રાખવામાં આવ્યું હતું. આના ઉપરથી આશિષભાઈ માંકડ વિશે એટલું કહી શકાય કે, 'આજ મારે આંખ વિના અંજવાળા, આજ મારે આંખ વિના અંજવાળા' તેમજ હાલમાં બહાઉદીન કોલેજમાં સંસ્કૃત ભાષાના અધ્યાપક તરીકે ડો. કાજલબેન નકુમ દ્વારા જીપીએસસી જેવી એક્ઝામની તૈયારી અને તેમાં કેવી રીતે સિદ્ધિ મેળવી શકાય તેની વિશેષ જાણકારી આપવામાં આવી હતી. આ શિબિરમાં ખાસ કરીને પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનોને બેંક એકાઉન્ટમાં પડતી મુશ્કેલીઓ તેમજ બીજા અન્ય લાભો વિશે સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથીએ દિવ્યાંગ બેહનોની મુશ્કેલીઓ જાણી તેના નિવારણ માટે ઝીણવટ પૂર્વક માહિતગાર કરવામાં આવ્યા હતા. આ દિવ્યાંગ બહેનોની જનજાગૃતિ શિબિરમાં મુખ્ય દાતા યુકે સેવા સમિતિના નીરૂબેન નટવરલાલ ચૌહાણ યુએસએ અમેરિકા હસ્તે યતીનભાઈ કારીયા, કિશોરભાઈ વાઢીયા, યુકે નિશાબેન પાનેરા, નીતાબેન દુધાત્રા, ડિમ્પલભાઈ રૂપારેલ, સુનિલભાઈ વઘાસિયા, સિદ્ધાર્થભાઈ રામ, બીપીનભાઈ ગજેરા, પ્રફુલભાઈ ડોબરીયા, મનસુખભાઈ વણપરીયા, કિરણબેન, નેહાબેન, શ્રીરામ સોલ્ટ સપ્લાયર ગાંધીધામ ગબગોલા નોનસ્ટીક ના દાતાશ્રી મંજુલાબેન ટુકડીયા, કાંતિભાઈ ગજેરા વિગેરે દાતાશ્રીઓ દ્વારા બે દિવસના ભોજન આઈસ્ક્રીમ નાસ્તો કોલ્ડ્રીંક અને દિવ્યાંગ ને આપેલ કીટ આ પ્રકારે દરેકમાં સહયોગ મળેલો હતો.

આ કાર્યક્રમને પૂર્ણ સફળ બનાવવા માટે સગુણાબેન કાચા, વનીતાબેન વાલાણી, તેમજ સંસ્થાના પ્રમુખ મનસુખભાઈ વાજા, મેનેજિંગ ટ્રસ્ટી મુકેશગીરી એસ મેઘનાથી, અરવિંદભાઈ મારડિયા, દાતાર સેવક બટુક બાપુ, શાંતાબેન બેસ, સંતોષબેન મુન્દ્રા, કમલેશભાઈ પંડ્યા, મનીષભાઈ લોઢીયા, દ્વારા સતત એક મહિનાથી પૂર્વ તૈયારી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સેવા આપનાર સેવાભાવી પરેશભાઈ કાચા, ધ્રુવભાઈ કાચા, સરોજબેન ભટ્ટ, રમાબેન બેસ, હેતવીબેન, કમલેશભાઈ ટાંક, પ્રવીણભાઈ જોશી, મનોજભાઈ સાવલિયા, મેઘનાથી પાયલ, મેઘનાથી કુલદીપ, રિદ્ધિબેન સાવલિયા, સુનિતાબેન વગેરે સેવાભાવી ઓએ નિષ્ઠાપૂર્વક પોતાની સેવા આપી હતી.

# જૂનાગઢ ખાતે ઇન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની ઉજવણી થશે

## ઓન-ધ-સ્પોટ પોસ્ટકાર્ડ, કોમિકબુક જેવી સ્પર્ધાઓ યોજાશે

જૂનાગઢ, તા.૧૪

આગામી ૧૮ મે ના રોજ તાજ મંઝીલ, સરદાર બાગ, લેન્ડ રેકોર્ડ ઓફિસ પાસે જૂનાગઢ મ્યુઝિયમ ખાતે ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેની ઉજવણી સવારે ૧૦થી ૧૧:૩૦ દરમ્યાન થશે. આ ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે નિમિતે સવારે ૧૦ થી ૧૧.૩૦ સુધી મ્યુઝિયમના ક્યુરેટર સાથે મ્યુઝિયમમાં મુલાકાત લેવોનો તેમજ ફરવાનો મોકો મળશે. ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડેઅન્વયે વિવિધ સ્પર્ધાઓ યોજાશે જેમા. મ્યુઝિયમમાં રહેલ સામગ્રીનાઆધારે ઓન-ધ-સ્પોટ પોસ્ટકાર્ડ બનાવવાની સ્પર્ધા યોજાશે જેમા જુનિયર કેટેગરીમા ૫ થી ૧૮ વર્ષ અને સિનિ. કેટેગરીમાં ૧૮ વર્ષથી ઉપરના સ્પર્ધકોમાટે યોજાશે.જ્યારે કોમિકબુક સ્પર્ધા૧૮ વર્ષથી ઉપરના સ્પર્ધકોમાટે યોજાશે. કોમિકબુકમાં મ્યુઝિયમમાં રહેલી સામ્રગીના આધારે પોતાના શબ્દોમાં કલાકૃતીઓ લખવી તેમજ તેમનું ચિત્રણ સ્પષ્ટ કરવું. આ બનાવેલ કલાકૃતીઓ તા. ૧૮ મે સુધીમાં મ્યુઝિયમ ખાતે મોકલવાની રહેશે. જેનુ પરિણામ તા.૨૫ મેના રોજ જાહેર કરવામાં આવશે. વિજેતા થનારને પ્રોત્સાહન રૂપે આકર્ષક ઈનામ પણ આપવામાં આવશે. અહિ ઉલ્લેખનિય છે કે સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પાર્ટીસીપેશન સર્ટિફિકેટ આપવામાં આવશે.

# પૂર્વ ધારાસભ્ય રત્નાભાઈ ઠુંમરને પૂર્વ કૃષિમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા દ્વારા શ્રધ્ધાંજલી અર્પણ કરાઈ



જૂનાગઢ, તા.૧૪

પૂર્વ ધારાસભ્ય અને વયો વૃદ્ધ કિસાન અગ્રણી શ્રી રત્નાભાઈ મનજીભાઈ ઠુંમરના અવસાન બદલ પૂર્વ કૃષિ અને શિક્ષણ મંત્રી તથા ભારતીય જનતા પક્ષ, ગુજરાત પ્રદેશના પ્રદેશ અગ્રણી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ ઊંડા શોક અને દુઃખની લાગણી વ્યક્ત કરી છે. તેઓએ તેમના પરિવારને પાઠવેલ શોકસંદેશમાં જણાવ્યું છે કે શ્રી રત્નાભાઈ એક સમર્પિત ધારાસભ્ય તરીકે આજીવન પ્રજાને સમર્પિત રહીને લોકકલ્યાણના કાર્યોમાં પ્રવૃત્ત રહ્યા હતા. કોરોના જેવા કપરા કાળમાં પણ તેઓએ જન સેવાને કેન્દ્રમાં રાખીને પોતાનું યથોચિત પ્રદાન નોંધાવ્યું હતું . ધારાસભ્ય તરીકે તેઓ હંમેશ પોતાના કર્તવ્યને વળગી રહીને પ્રજાપરાયણ રહ્યા હતા. ચુડાસમાએ જણાવ્યું હતું કે, હમણાં જ થોડા દિવસો પહેલા લોકસભાની ચૂંટણીઓ દરમ્યાન હું તેઓને તેમના નિવાસસ્થાને મળવા ગયો ત્યારે સ્વાભાવિક રીતે જ મેં તેમના સ્વાસ્થ્ય સંબંધી પૃચ્છા કરતા તેઓએ ખૂબ જ ઉમળકાભેર અને નિખાલસતા પૂર્વક જણાવ્યું હતું કે બાપુ, શરીરનું ગમે તે હોય પરંતુ હું ભાજપને મત આપ્યા પહેલા જવાનો નથી અને જુઓ ! યોગાનુયોગ પણ કેવો ! તેઓનો સંકલ્પ પણ પરમાત્માએ જાણે કે સિદ્ધ કર્યો. પરમ કૃપાળુ પરમાત્મા આવા સેવાભાવી અને કર્તવ્ય નિષ્ઠ સ્વર્ગસ્થ રત્નાભાઈ ઠુંમરને શાંતિ આપે અને તેમના પરિવારને આ આઘાત સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના કરૂ છું અને તેમના પરિવારને સાંત્વન પણ પાઠવું છું, તેમ શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું.

# જૂનાગઢમાં નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ સંસ્કાર કેન્દ્ર ખાતે જનરેટરની સુવિધા ઉપલબ્ધ કરાઈ



જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢ તા.૧૩/૫ જૂનાગઢમાં ગાંધીગ્રામ વિસ્તારમાં શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજની અતિ આધુનિક સંસ્કાર કેન્દ્ર વાડી આવેલી છે, તેમાં દરેક પ્રકારની સગવડતા ઉપલબ્ધ છે, બે વીગમાં બંને માં એ.સી.હોલ, એ.સી.રૂમો, લીફટ, આધુનિક રસોડું ડીપ ફ્રીજ સાથે, ઠંડા પાણીના કુલર, વિશાળ પાર્કિંગ સાથેની વાડીમાં વધુ એક છોગું એટલે આજના યુગમાં અતિ જરૂરી ગણાય તેવી જનરેટર ની સુવિધા તા.૧૨/૫/૨૪ના રોજ થી ઉપલબ્ધ કરવામાં આવેલ છે જેથી વિજળી જવા છતાં દરેક કાર્યક્રમ યથાવત ચાલુ રહી શકશે. આ જનરેટર ના સર્વે દાતાશ્રી ઓની ઉપસ્થિતિમાં જાણીતા રંગ રસાયણના વેપારી હરીશભાઈ વસંતભાઈ ઓઝાના વરદહસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું, આ તકે જ્ઞાતિના આગેવાનો મહેશભાઈ જોશી, પ્રફુલભાઈ મહેતા, હિતેશભાઈ મહેતા, નરેશભાઈ ઓઝા, ધર્મેશભાઈ દવે, જીતેન્દ્રભાઈ મહેતા, રાહુલભાઈ મહેતા, હિતેશભાઈ દવે, લલીતભાઈ મહેતા, ઉપાધ્યાયભાઈ, દિનકરરાય મહેતા વગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

# દેશની ઉર્જા વિકાસયાત્રામાં અદાણી પાવરે મહત્વપૂર્ણ સિમાચિહ્નો હાંસલ કર્યા

## પાવર ઉદ્યોગમાં APL પરિવર્તનનું નેતૃત્વ કરવા તૈયાર

અમદાવાદ, તા.૧૪

ભારતની અર્થવ્યવસ્થાના ઝડપી વિકાસ માટે વીજળી પાયાનો પથ્થર છે. ભારતની સૌથી મોટી ખાનગી થર્મલ પાવર ઉત્પાદક કંપની સ્પર્ધાત્મક લાભ અને નાણાકીય કૌશલ્યના અનોખા મિશ્રણ સાથે ભારતની ઉર્જાની જરૂરિયાતોને સંતોષવા અગ્રેસર છે. દેશની વધતી જતી ઉર્જા માંગને પહોંચી વળવામાં મોખરે અદાણી પાવર લિમિટેડે (APL) નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે. APLનો CII બિઝનેસ એક્સેલન્સ એસેસમેન્ટ સ્કોર ૫૯૨ CII મૂલ્યાંકનમાં ભાગ લેતી તમામ પાવર કંપનીઓમાં સૌથી વધુ છે અને તે કોઈપણ કંપની દ્વારા તેની પ્રથમ આકારણીમાં મેળવેલો સર્વોચ્ચ સ્કોર છે! ૧૫,૨૫૦ મેગાવોટની ક્ષમતા સાથે APL ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી થર્મલ પાવર કંપની તરીકેનું ગૌરવ ધરાવે છે. ભારતના ખાનગી ક્ષેત્રના કોલસા અને લિગ્નાઈટ આધારિત વીજ ઉત્પાદન ક્ષમતામાં તે મહત્વપૂર્ણ ૧૮% હિસ્સો ધરાવે છે. એટલું જ નહીં, APL નજીકના ભવિષ્યમાં નોંધપાત્ર વધારો કરવા તૈયાર છે. કંપની ૨૧ ૪ઉ ની ઉત્પાદન ક્ષમતા બનાવી રહી છે. આ વિસ્તરણ કાર્બનિક વૃદ્ધિ અને વ્યૂહાત્મક એક્વિઝિશનના સંયોજન દ્વારા સાકાર કરવામાં આવનાર છે. તાજેતરમાં નવીનતા અને આંતરરાષ્ટ્રીય પ્રભાવ પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા કંપનીએ ઝારખંડમાં ૧,૬૦૦ મેગાવોટના અલ્ટ્રા સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટનું કમિશનિંગ કર્યું છે. આ સીમાચિહ્નરૂપ પહેલથી બાંગ્લાદેશને આંતરરાષ્ટ્રિય વીજ પુરવઠાની સુવિધા મળી છે, જે વૈશ્વિકસ્તરે ઉપર ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે. APLની મહત્વાકાંક્ષી વૃદ્ધિને જોઈએ તો, મધ્યપ્રદેશના મહાન પ્લાન્ટમાં ૧,૬૦૦ મેગાવોટનો વિસ્તરણ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. APL ઉર્જા સુરક્ષા સુનિશ્ચિત કરવા અને રાષ્ટ્રના વિકાસ એન્જિનને ટકાઉ બળતણ આપવા અત્યાધુનિક તકનીકો અને શ્રેષ્ઠ પ્રથાઓને સમર્પિત છે. તે વર્તમાન અને આગામી પેઢીના પોર્ટફોલિયોના ૭૪%થી વધુ સુપરક્રિટિકલ અને અલ્ટ્રા-સુપરક્રિટિકલ એકમોનો ઉપયોગ કરે છે. FY૨૪માં APLનું મજબૂત પ્રદર્શન ઓપરેશનલ શ્રેષ્ઠતા અને વ્યૂહાત્મક અગમચેતીને રેખાંકિત કરે છે. નાણાંકીય વર્ષ ૨૪ માં ભારત અને બાંગ્લાદેશમાં ૫૭ બિલિયન યુનિટ પાવર ઉર્જા જરૂરિયાતોને પહોંચી વળી કંપનીએ પોતાનુ સ્થાન વધુ મજબૂત બનાવ્યું છે. નાણાકીય રીતે જોઈએ તો, છઁન-એ પાંચ વર્ષના સમયગાળામાં ૧૮% રેવન્યુ કમ્પાઉન્ડ એન્યુઅલ ગ્રોથ રેટ (CAGR) સાથે નોંધપાત્ર વૃદ્ધિ દર્શાવી છે. જો કે કંપની આ સફળતાનો શ્રેય પ્લાન્ટ્સની કામગીરી અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં વધારો કરવાના હેતુથી આદરેલી વિવિધ પહેલોને આપે છે. ઉડુપી, રાયપુર, રાયગઢ અને મહાન જેવા હસ્તગત પ્લાન્ટના પરિણામોએ તેનો પુરાવો છે. ડિજિટલ ટ્રાન્સફોર્મેશન ઉપર કંપનીનું ધ્યાન, સતત વૃદ્ધિ માટે ટેકનોલોજીનો લાભ લેવાની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

# શ્રી સોરઠીય શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ જ્ઞાતિ સમાજ દ્વારા સાત્વિકતા, સંસ્કાર અને ઐક્ય માટે નવકુંડી મહાલક્ષ્મી યજ્ઞ યોજાયો



જૂનાગઢ, તા.૧૪

સમગ્ર ગુજરાતના શ્રી સોરઠીય શ્રીગૌડ માળવીય બ્રાહ્મણ પરિવાર દ્વારા સમૃદ્ધિ, સાત્વિકતા, સંસ્કાર અને સંગઠન માટે જ્ઞાતિ પરિવાર (કુળ) ના કુળદેવીઓ અને મહાલક્ષ્મી માતાના ઉપાસનાર્થે તા. ૧૨ મે ૨૦૨૪ને રવીવારે કિશોર એકેડેમી, ટીંબાવાડી, જૂનાગઢ ખાતે મહાયજ્ઞનું આયોજન થયું જેમાં સમગ્ર ગુજરાતમા વસતાં જ્ઞાતિજનો ઉત્સાહ અને ઉમંગ સાથે ઉપસ્થિત રહયા હતા. જ્ઞાતિ સમાજના પ્રમુખ શ્રી શૈલેષ દવેના માર્ગદર્શન હેઠળ શ્રી મુકુંદભાઈ પુરોહિત, જશવંતભાઈ ભટ્ટ, કેતન ભટ્ટ તથા ટ્રસ્ટી મંડળ અને રાસોત્સવ સમિતિના યુવા કાર્યકરોએ આ કાર્યક્રમને ભવ્ય અને દિવ્ય બનાવવા સુંદર અને સફળ આયોજન કરવામાં આવેલ. આચાર્ય તરીકે ભૂતનાથ મંદિરના કૃષ્ણકાન્તભાઈ જોશી તથા મુખ્ય યજમાન તરીકે ભરતભાઈ જટાશંકર ભટ્ટ (સરંભડાવાળા) અને સર્વે કૂળના યજમાનોએ સાથે મળી યજ્ઞ સંપન્ન કર્યો.

## માલદીવે એ વાતનો સ્વીકાર કર્યો

# ભારતે આપેલા ત્રણ વિમાનોનું સંચાલન કરવાની ક્ષમતા નથી

## માલદીવે એ વાતનો સ્વીકાર કર્યો છે કે તેના સૈનિકોની પાસે ભારતે આપેલા વિમાનોનું સંચાલન કરવાની ક્ષમતા નથી

માલે, તા.૧૪

ભારતીય સૈનિકો પરત ફર્યાના થોડા દિવસો પછી માલદીવે એ વાતનો સ્વીકાર કર્યો છે કે તેના સૈનિકોની પાસે ભારતે આપેલા ત્રણ વિમાનોનું સંચાલન કરવાની ક્ષમતા નથી. ઉલ્લેખનીય છે કે રવિવારે સ્થાનિક મીડિયાને માલદિવના રક્ષા મંત્રી ઘાસન મૌમૂને આ અંગેની વાત કહી હતી. મૌમૂનનું કહેવું છે કે માલદીવના સૈનિકોએ વિમાન ચલાવવાની ટ્રેનિંગ શરૂ કરી હતી પરંતુ તેઓ તેને પુરી કરી શક્યા નહોતા. હવે સ્થિતિ એવી છે કે તેમનો એક સૈનિક વિમાનને ચલાવી શકતો નથી. એક પત્રકાર દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નનનાં જવાબમાં ઘાસને કહ્યું કે, માલદીવ નેશનલ ડિફેન્સ ફોર્સ પાસે માલદીવનાં કોઈ સૈનિકો નથી. જે ભારતીય સેના દ્વારા દાનમાં આપવામાં આવેલા ત્રણ એરક્રાફટનું સંચાલન કરી શકે. તેમજ અગાઉની સરકારો દ્વારા કરાયેલા કરાર હેઠળ કેટલાક સૈનિકોને ફ્લાઈંગ ટ્રેનિંગ આપવામાં આવી હતી. ઘાસને કહ્યું કે વિમાન ઉડાવવાની તાલીમ વિવિધ તબક્કામાં લેવાની હતી. પરંતુ આ તાલીમ પૂર્ણ થઈ નથી. હાલમાં અમારા દળમાં એવી કોઈ વ્યક્તિ નથી કે જે બે હેલિકોપ્ટર અને ડોર્નિયરને ઉડાડવા માટેનું લાઈસન્સ ધરાવતું હોય અથવા તેને ઉડાડવા માટે સંપૂર્ણ રીતે સક્ષમ હોય.

ચીન તરફી નેતા મુઈઝુએ ૧૦ મે સુધીમાં ટાપુ રાષ્ટ્રમાં ત્રણ વિમાનનાં પ્લેટફોર્મનું સંચાલન કરતા તમામ ભારતીય સૈન્ય કર્મચારીઓને પરત બોલાવી લેવામાં આવ્યા બાદ બંને દેશો વચ્ચેના સંબંધો ગંભીર તણાવમાં આવ્યા હતા. ભારતે પહેલેથી જ ૭૬ સૈન્ય કર્મચારીઓને પરત બોલાવી લીધા છે. માલદીવનાં મીડિયા અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે હાલમાં જ માલદીવ સરકાર સેનહિયા સૈન્ય હોસ્પિટલમાં ભારતનાં ડાર્કટરોને હટાવવાનો કોઈ ઈરાદો નથી.

# રાજકોટ મોચી જ્ઞાતિનું ગૌરવ



રાજકોટ તા. ૧૪

તાજેતરમાં ધો.૧૨ સાયન્સ અંગ્રેજી માધ્યમ ૨૦૨૪ માં લેવાયેલ પરીક્ષામાં દેવ દિપકભાઈ ગોહેલ (ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સ) ૮૨.૨૨ પીઆર તથા ગુજકેટમાં ૯૦.૫૭ પીઆર મેળવી પંકજ રેસ્ટોરન્ટ તેમજ ગોહેલ પરિવાર અને મોચી જ્ઞાતિનું ગૌરવ વધારતા તેમના દાદા મનસુખભાઈ, દાદી કૌશલ્યાબેન, પપ્પા દિપકભાઈ, મમ્મી જલ્પાબેનએ દેવ આવીજ રીતે ઉત્તરોતર પ્રગતિ કરે તેવી ખુબ-ખુબ શુભેચ્છાઓ પાઠવી છે.

## વિદ્યાર્થીઓની ઉજળી કારકિર્દી માટે

# કચ્છ આહીર સમાજ દ્વારા ઢોલ-શરણાઈ અને ડીજેના તાલ સાથે વાજતે ગાજતે સોમનાથ મહાદેવ ધ્વજા આરોહણ કરવામાં આવી



(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા ૧૪

રત્નાકર તટે બિરાજમાન દેશના પ્રથમ જ્યોર્તિલિંગ અને કરોડો હિન્દુઓની આસ્થાના પ્રતિક સમાન સોમનાથ મહાદેવ મંદિર ખાતે આજે હજારોની સંખ્યામાં આહીર સમાજના વિદ્યાર્થીઓ અને લોકો ઉમટી પડ્યા હતા. કચ્છ આહીર સમાજ દ્વારા વિદ્યાર્થીઓના ઉજ્જવલ ભવિષ્ય અને કારકિર્દીને અનુલક્ષીને દેવાધિદેવ સોમનાથ મહાદેવને ખાસ ધ્વજારોહણનું આયોજન કરવામાં આવ્યું હતું.

કચ્છથી મોટી સંખ્યામાં આહીર સમુદાયના લોકો સોમનાથ ખાતે પહોંચ્યા હતા. સવારે ઢોલ શરણાઈ અને ડીજેના તાલે ઝૂમતા આહીર સમુદાયના અંદાજે ૧૮૦૦થી વધુ લોકો સોમનાથ મહાદેવ મંદિર ખાતે પહોંચતા હર હર મહાદેવ અને જય દ્વારકાધીશના નાદ સાથે ભક્તિમય વાતાવરણ સર્જાયું હતું. કચ્છ આહીર સમાજ સાથે ગીર સોમનાથ જિલ્લાના આહીર સમાજના આગેવાનો અને સ્થાનિક લોકો પણ આ ભવ્ય આયોજનમાં સહભાગી બન્યા હતા. સોમનાથ મહાદેવને શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે ધ્વજાપૂજા બાદ સોમનાથ મહાદેવના મંદિર શિખર પર ધ્વજા આરોહણ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

## કેનેડા સરકારની નીતિઓની સ્પષ્ટ શબ્દોમાં નિંદા થવી જોઈએ

કેનેડા સરકારની નીતિઓની સ્પષ્ટ શબ્દોમાં નિંદા થવી જોઈએ અને ભારત સરકારે કેનેડાના નાયબ રાજદૂતને બોલાવીને એવું જ કર્યું હતું. હવે બુધવારે કેનેડાના વડાપ્રધાનનો એક એવો ઈન્ટરવ્યૂ બહાર આવ્યો છે, જેનાથી બંને દેશોના સંબંધોમાં કટુતા વધવાનાં કારણે સ્પષ્ટ દેખાઈ રહ્યાં છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો પોતાના સ્થાનિક રાજકારણને મજબૂત કરવા માટે ખાલિસ્તાનના સમર્થનમાં ઊભા થઈ ગયા છે. ખાલિસ્તાનનો વિચાર નવો નથી, પરંતુ તેની અવ્યાવહારિકતા અનેક વખત ઉજાગર થઈ ચૂકી છે. ખુદ શીખ સમુદાયમાં બહુમત આ વિચાર સાથે સહમત નથી અને પરદેશમાં જઈ વસેલા, ત્યાંની નાગરિકતા લઈ ચૂકેલા થોડા અલગતાવાદીઓને સંતુષ્ટ રાખવા માટે ટ્રુડોએ જેવાં નિવેદનો કર્યાં છે, તે વિચારવા પર મજબૂર કરે છે. એક સંભાવના એ પણ છે કે કેનેડાની સ્થાનિક રાજનીતિની મજબૂરી સમજતાં ત્યાંના વડાપ્રધાનની વાત ગંભીરતાથી ન લેવામાં આવે, પરંતુ તેનાથી મુઠ્ઠીભર અલગતાવાદીઓના માનસિક દુરાગ્રહનું સમાધાન થઈ જશે?

એક તો કેનેડાના વડાપ્રધાન ટ્રુડો એવા કોઈ અલગતાવાદી કાર્યક્રમમાં ગયા જ કેમ, જ્યાં ભારત વિરોધી નારા લાગી રહ્યા હતા? શું ભારતમાં ધર્મોની પૃષ્ઠભૂમિ કે ઈતિહાસનું તેમણે અધ્યયન કર્યું છે? કેનેડા સરકારના સલાહકારોના જ્ઞાન પર દયા આવે છે. એ કેવા લોકો છે, જે આજની દુનિયામાં પણ ધાર્મિક આધાર પર ભૂગોળ બદલવાની કલ્પના કરી રહ્યા છે? આ કેવા દેશો છે, જેઓ મજહબી વિભાજનોથી હજુ પણ ધરાયા નથી? એક અલગતાવાદી આતંકી નિજ્જરની હત્યા ટ્રુડો માટે એટલો મોટો મામલો છે કે તે ભારત સાથેના સંબંધોમાં તેને એક સમસ્યા માની રહ્યા છે? આજે આતંકવાદ અને અલગતાવાદ વિરુદ્ધ ઊભા થવાની જરૂર છે, પરંતુ કેનેડા જ્યાં ઊભું છે, તેની નીચેની જમીન ખોખલી છે. કદાચ રાજકીય ભાવુકતામાં ટ્રુડોએ ત્યાં સુધી કહી દીધું કે ખાલિસ્તાનનું સમર્થન જો શાંતિપૂર્ણ રીતે કરવામાં આવે છે તો ઓટાવા દ્વારા રોકવામાં નહીં આવે. ટ્રુડોને બિલકુલ અંદાજો નથી કે અલગતાવાદ અને મજહબી હિંસાની કેટલી ભારે કિંમત અનેક વખત ભારતે ચૂકવી છે. શું ટ્રુડોએ એ પંજાબ તરફ એક નજર પણ કરી છે, જે આજે પાકિસ્તાનના હિસ્સામાં છે? જ્યાં ગુરુ નાનકદેવનો જન્મ થયો હતો, શું એ ધરતી વિશે કોઈ ખરેખર ચિંતિત છે? પહેલી નજરમાં એવું લાગે છે કે કેનેડાની વર્તમાન સરકાર અલગતાવાદીઓની ચુંગાલમાં આવી ગઈ છે. આજના સમયમાં દુનિયાની કોઈપણ સરકારે સાંપ્રદાયિકતાના આધાર પર વિચારવું ન જોઈએ. પંજાબ જ નહીં, કાશ્મીરમાં પણ અલગતાવાદીઓનું સમર્થન કરતાં પાકિસ્તાન કઈ સ્થિતિ સુધી પહોંચી ગયું છે એ ચોક્કસ જોવું જોઈએ. હિંસક તત્ત્વોની ઘાતક રાજનીતિને સમજદાર લોકો લોકતાંત્રિક રૂપે ઠેકાણે પાડે, તો વધુ બહેતર છે. લોકતંત્ર અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના નામ પર હિંસા અને અલગતાવાદને ઉત્તેજન આપવાનાં પરિણામો હંમેશાં ઘાતક સાબિત થયાં છે. ભારતીય મુત્સદ્દીગીરી માટે જરૂરી છે કે તે કેનેડા જ નહીં, કેટલાક અન્ય દેશોમાં પણ ફેલાઈ રહેલા ભારત વિરોધને ડામવા માટે યોજનાબદ્ધ રીતે કામ કરે. ભારત પોતાના ભાગલા અને અલગતાવાદથી આગળ વધીને લોકતાંત્રિક ઉદારતા તરફ વધી ચૂક્યું છે, હવે તેના માટે વિવિધતામાં એકતા જ જીતની એકમાત્ર ફોર્મ્યૂલા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનીતિ તથા પ્રમાદથી સમૃધ્ધિ નાશ પામે છે...

- ઋગ્વેદ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.દએ-૧૩૯૩, મુ. જિલ્કાદ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, વૈશાખ સુદ-૭ ગંગોત્પતિ, ગંગા પૂજન, ગંગા સપ્તમી તા.૧૪ મે ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૩, મુસ્લિમ તા.૫, પુષ્ય નક્ષત્ર, ગંડ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૧૧, સૂ.અ.૭:૨૩

આજનો દિવસ બપોરે ૧:૦૪ ક. સુધી શુભ છે

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે.
વૃષભ: માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન: આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે.
કર્ક: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય.
કન્યા: ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો.
તુલા: આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક: નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
ધન: નવિન કાર્યમાં સફળતા મળે. નજીકના સંબંધીથી લાભ થાય.
મકર: આર્થિક મુંઝવણમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું.
કુંભ: વડીલવર્ગ કે ઉચ્ચ અધિકારીથી લાભ થાય. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન: ગૃહવિવાદ ન થાય તે જોજો. ભાગીદાર સાથે મનદુઃખ થાય.

### રત્નકલાકારો પર બેરોજગાર થવાનો ભય

# ભાવનગરમાં હીરા ઉદ્યોગને મંદીનું ગ્રહણ, ૪૦ ટકા કારખાના બંધ




## હીરા ઘસવાનો વ્યવસાય કરતા કારીગરોને બીજો કોઈ ધંધો પણ આવડતો ના હોય પરિવારનું ગુજરાન કઈ રીતે ચલાવવું એ સૌથી મોટો પ્રશ્ન

ભાવનગર, તા.૧૪

ભાવનગર જિલ્લામાં હાલ હીરા ઉદ્યોગમાં મંદીનો માહોલ સર્જાયો છે. ૩ હજારથી વધુ કારખાનાઓમાં રોજગારી મેળવતા ૨ લાખથી વધુ રત્નકલાકારો માટે બેરોજગારીનું સંકટ ઉભુ થયું છે. અસહનીય મંદીને કારણે હીરાના કારખાનાઓ બંધ થઈ રહ્યા છે. તેમજ અનેક કારખાનાઓ બંધ થવાના આરે ઉભા છે. માત્ર હીરા ઘસવાનો વ્યવસાય કરતા કારીગરોને બીજો કોઈ ધંધો પણ આવડતો ના હોય પરિવારનું ગુજરાન કઈ રીતે ચલાવવું એ સૌથી મોટો પ્રશ્ન હાલ ઉપસ્થિત થયો છે. જ્યારે હીરાના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓ અને કારીગરોને માટે અન્ય રોજગારીની તકો પણ નથી. જેના કારણે બેરોજગારીનું પ્રમાણ મોટાપાયે વધી શકે એવી સ્થિતિને પગલે ભાવનગર ડાયમંડ એસોસિએશન પણ ચિંતામાં છે. આવી કપરી સ્થિતિ સરકાર માટે પણ ચિંતાનો વિષય છે. ગુજરાતમાં હીરા ઉદ્યોગ સાથે ૨૦ લાખ કરતા વધુ કારીગરો અને વેપારીઓ સંકળાયેલા છે. અને એ હીરા બજાર પર હાલ મંદીના વાદળો છવાયા છે. જેના કારણે વેપારીઓ સાથે કારીગરો પણ મુશ્કેલીમાં મુકાયા છે. પહેલા યુક્રેન રશિયા અને બાદ ઈઝરાયલ-હમાસ વચ્ચેના યુદ્ધને કારણે હીરા માટેનો વિદેશથી આવતો કાચો માલ બંધ થયો છે અને તૈયાર માલનો ઉપાડ પણ ઓછો થઈ રહ્યો છે. હીરાની કાચી રફ ઓછી આવતી હોય મોંઘા ભાવે રફ ખરીદવી પડે છે. જેના કારણે કારખાનેદારો ના ખર્ચમાં પણ વધારો થાય છે. જેના કારણે નેચરલ ડાયમંડના વેપારને પણ અસર પહોંચી હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. મંદી ના કારણે છેલ્લા કેટલાક સમયથી રત્નકલાકારોને છૂટા કરવામાં આવી રહ્યા છે. અને બંધ થયેલા હીરા ઉત્પાદનના નાના એકમો તો મંદી હટે નહિ ત્યાં સુધી બંધ જ રહે તેવી સ્થિતિનું નિર્માણ થયું છે.

ભાવનગરમાં બે લાખથી વધુ કારીગરો હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. ડાયમંડ એસોસિએશનના જણાવ્યા અનુસાર ભાવનગર જિલ્લામાં ૩ હજાર જેટલા કારખાના અને ૩ હજાર જેટલી હીરાની ઓફિસો છે. હીરાના કારખાનાઓમાં બે લાખથી વધુ કારીગરો કામ કરે છે. ભાવનગર, મહુવા, તળાજા, ગારિયાધાર સહિતના તાલુકા હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. જેમાં ૧૫ ટકા જેટલા કારખાનાઓ બંધ થતાં તેની સાથે સંકળાયેલા ૪૦ ટકા લોકોને મંદી ની અસર થઈ છે. હીરા ઉદ્યોગમાં મંદીના કારણે સરવાળે તો રત્નકલાકારોને સૌથી વધુ મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. મંદીના કારણે કારખાનાં બંધ થતા રત્નકલાકારોને બેરોજગાર થવાનો વારો આવે છે. હીરાના કારખાનામાં કલાકોના કલાકો કામ કરતા રત્નકલાકાર નો એક જ સવાલ છે. કે મારી રોજગારીનું શું. જો એ છૂટો થઈ ગયો તો પછી નવું કામ કયાંથી શોધશે અને કઈ રીતે શોધશે? કેટલાક રત્નકલાકારો તો એવા છે કે જેને ખેતીકામ આવડે છે. એટલે એવા રત્નકલાકારો તો વતન ભણી રવાના થઈને ખેતી પણ કરી લેશે, પરંતુ જેનું ઘર કે પરિવાર માત્ર રત્નકલાકાર તરીકેની કામગીરી ઉપર જ નભે છે તેનુ શું. ત્યારે આવા સમયે રત્નકલાકારોએ સરકાર પાસે રત્નકલાકાર માટેની કોઈ યોજના શરૂ કરવાની પણ માંગ કરી છે.

## ભર ઉનાળે મચ્છુ-૨ ડેમનાં પાંચ દરવાજા રિપેર કરાશે



મોરબી, તા.૧૪

મોરબીનાં મચ્છુ-૨ ડેમમાં પાંચ દરવાજા રિપેર કરવાના હોવાથી ડેમનું પાણી નદીમાં છોડવાનો સિંચાઈ વિભાગ તરફથી નિર્ણય કરાયો છે. આજથી બે દિવસ મચ્છુ-૨ ડેમના બે- બે દરવાજા ખોલવામાં આવશે. ડેમમાંથી નદીમાં પાણી છોડવાનું હોવાથી મોરબી તાલુકાના જોધપર, લીલાપર, ભડિયાદ, ટીંબડી, ધરમપુર, રવાપર, અમરેલી, વનાળીયા, ગોર ખીજડીયા, માનસર, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગુંગણ, નારણકા, બહાદુરગઢ, નવા નાગડાવાસ, જુના નાગડાવાસ, સોખડા, અમરનગર, મોરબી, રવાપર નદી, વજેપર તો માળિયા મિંયાણા તાલુકાના વીરવિદરકા, દેરાલા, નવાગામ, મેઘપર, હરીપર, મહેન્દ્રગઢ, ફતેપર, સોનગઢ, માળિયા (મી.) રાસંગપર અને ફાટસર મળી બંને તાલુકાના કુલ ૩૪ ગામને એલર્ટ કરાયા છે.

આ ૩૪ ગામના કાંઠા વિસ્તારને સંપૂર્ણ ખાલી કરી દેવાયો છે અને નદીના પટ વિસ્તારમાં રહેતા લોકોને પ્રશાસને સલામત સ્થળે ખસેડી દીધા છે. આ તરફ મોરબીના બેઠા પુલ પરથી વાહન વ્યવહાર બંધ કરી દેવાયો છે. વાહનચાલકોએ ત્રણ દિવસ આવન-જાવન માટે મયુરપુલનો ઉપયોગ કરવાનો રહેશે. નટરાજ ફાટક, કેસરબાગથી બેઠા પુલ કોઝવે તરફ અને શક્તિચોકથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ રહેશે.

મોરબીની જીવાદોરી સમાન મચ્છુ ૨ ડેમના રીપેરીંગ અને ગેટ બદલવાની કામગીરી કરવાની હોવાથી તા. ૧૨ ને રવિવારે સવારે ૧૧ કલાકે ડેમના બે દરવાજા બે ફૂટ ખોલવામાં આવ્યા હતા.

મોરબીના મચ્છુ ૨ ડેમના દરવાજા ખોલવાના હોવાથી મોરબીના બેઠા પુલ પર અવરજવર પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે. અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા તા. ૧૨ થી ૧૫ સુધી બેઠા પુલ પર અવરજવર પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે જેથી નટરાજ ફાટક/કેસર બાગથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ અને શક્તિ ચોકથી બેઠા પુલ કોઝવે તરફ પ્રવેશ બંધ કરવામાં આવ્યો છે.

## રાજકોટ : મહિલા સેવા સમિતિ દ્વારા સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન

### વાણીયાવાડી સ્થિત પટેલ વાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમ્યાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૪

મહિલા સેવા સમિતિ દ્વારા વેલકમ સમર ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરાયું છે. રાજકોટની વાણીયાવાડી, ૧/૧૦ દયાનંદનગર, સ્થિત પટેલવાડીમાં તા.૨૧થી તા.૩૦ દરમ્યાન વિવિધ વર્ગના ટ્રેનિંગ કલાસ યોજાશે. જેમાં ગુજરાતનાં શ્રેષ્ઠ નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે. સમર ટ્રેનિંગ કેમ્પ માટે તા.૧૫ના રોજ ફોર્મ સ્વીકારવામાં આવશે. મહેંદી, ડાંન્સ, બ્યુટીપાર્લર, નેલ આર્ટ, ફેશન ડિઝાઈન, ભરતકામ માટેના વર્ગ દરરોજ બપોરે ૨થી ૪ વાગ્યા દરમિયાન યોજાશે. આ ઉપરાંત રીયલ ફલાવર્સ, દાંડિયા, કરાટે, ડ્રોઈંગ, પેઈન્ટીંગ માટેના વર્ગ દરરોજ બપોરે ૪થી ૬ વાગ્યા દરમિયાન યોજાશે. વધુ માહિતી માટે મીનાબેન પરસાણા (મો.૯૯૦૪૯ ૨૪૨૩૪) અને ઉષાબેન અણદાણી (મો.૯૮૨૪૬ ૦૪૮૬૬) ઉપર સંપર્ક કરવા અનુરોધ કરાયો છે.

## ઉના તાલુકામાં મંજુર થયેલ સબ ડીસ્ટ્રીક હોસ્પીટલનું બાંધકામ શરૂ કરવા માંગ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૪

ઉના તાલુકો એ છેવાડાનો સાથી મોટો તાલુકો છે.ત્યારે સરકારશ્રી દ્વારા સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ જાહેર કરવામાં આવી હતી. સી.એચ.સી. ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જીલ્લા હોસ્પીટલ માં અપગ્રેડ કરવા હોસ્પટલ ના હયાત મકાનનું ફનિયર્સ- ફીકચર્સ સહીત વિસ્તરણ કરવા અત્યાર સુધીમાં કુલ ૧૨૦૦.૦૦ લાખ ની ગ્રાંટ આરોગ્ય વિભાગ દ્વારા પી.આઈ.યુ.ને હવાલે કરવામાં આવી છે. ઉના ગામ ના સર્વે નં.૪૨૨ ની હે.૩૩-૭૯-૧૪ ચો.મીટર જમીન માંથી હે.૫-૦૦-૦૦ ચો.મી. જમીન પેટા જિલ્લા હોસ્પીટલ તેમજ અન્ય ફેસેલીટી (૧૦૦ બેડ) બનાવવા માટે કલેકટરશ્રી ગીર સોમનાથ દ્વારા જમીન સંપાદન કરવામાં આવેલ છે.

સબ ડીસ્ટ્રીક હોસ્પીટલ બાબતે ગ્રાંટ પણ સરકાર દ્વારા ફાળવવામાં આવી છે અને જમીન સંપાદન પણ કરી આપવામાં આવેલ છે. ત્યારે વહેલી તકે નવીન સબ ડીસ્ટ્રીક હોસ્પીટલનું બાંધકામ શરુ કરવામાં આવે તેવી અખિલ ભારતીય કોળી સમાજ ના પ્રદેશ મહામંત્રી રસિક ચાવડા એ માંગ ભુપેન્દ્રભાઈ પટેલ , માન.મુખ્યમંત્રીશ્રી ગુજરાત રાજય, ગાંધીનગર અને રૂષીકેશભાઈ પટેલ, મંત્રીશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ, ગાંધીનગર અને પી.આઈ.યું.ગાંધીનગર ને પત્ર લખી માંગ કરી છે. આ છેવાડાના વિસ્તારના લોકોને સારી આરોગ્ય સુવિધા મળી રહે તે માટે વહેલી તકે સબ હોસ્પિટલ નું બાંધકામ શરુ કરવાની કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ રસિક ચાવડા દ્વારા કરવામાં આવી છે.

## ધો.-૧૨ના વિદ્યાર્થીઓએ ગુણચકાસણી માટે ઓનલાઈન અરજી કરવી પડશે

### ૧૩ મેથી ૨૦ મે ૨૦૨૪ સુધી બોર્ડની વેબસાઈટ www.gseb.org થવા hsc.bseb.org પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકશે

અમદાવાદ, તા.૧૪

૯ મેએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેના માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. શિક્ષણ બોર્ડે આપેલી માહિતી પ્રમાણે ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ અને વાણિજય પ્રવાહના વિદ્યાર્તીઓ જે ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તેણે ઓનલાઈન અરજી કરવી પડશે. ધોરણ ૧૨ના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છે છે તે ૧૩ મેથી ૨૦ મે ૨૦૨૪ સુધી બોર્ડની વ ે બ સ ા ઈ ટ www.gseb.org થવા hsc.bseb.org પર રજીસ્ટ્રેશન કરી ઓનલાઈન અરજી કરી શકશે. એટલે કે તમે પણ ધોરણ ૧૨ની પરીક્ષા આપી હોય અને તમારે ગુણ ચકાસણી કરાવવી હોય તો ઓનલાઈન અરજી કરવી પડશે. શિક્ષણ બોર્ડે અખબારી યાદીમાં જણાવ્યું કે જે વિદ્યાર્થીઓ ગુજકેટ પરીક્ષાની ઓએમઆરની નકલ મેળવવા ઈચ્છે છે તેણે ૨૦ મે સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. તે માટે પણ ઓનલાઈન ફી ભરવાની રહેશે. ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ ૨૦ મે સાંજે ૫ કલાક સુધીની છે.

## ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ સ્પર્ધામાં ઊનાના પાંચ વિદ્યાર્થીઓ વિજેતા બનતા તાલુકા અને જિલ્લાનું ગૌરવ વધાર્યું

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૪

તાજેતર માં સુરત ના કતાર ગામે કોમ્યુનિટી હોલ મા ગુજરાત વાડો કાઈ કરાટે ડો. એસોસિયેશન ના પ્રમુખ સિંહણ પ્રવીણ કુમાર ચોહાણ દવારા ઓપન ગુજરાત કરાટે ચેમ્પિયનશિપ ની સ્પર્ધા યોજવામાં આવી હતી જેમાં ઊના નીએકતા આર્ટ એકેડમી કરાટે કોચ સેન સઈ વિજય એમ.ગોહીલ, નીતિન વી. ગોહીલ, કુલદીપ વી. ગોહીલ ની તાલીમ લીધેલ વિદ્યાર્થીઓ એ ભાગ લીધો હતો જેમાં કાતા મિશ્રી જીજ્ઞેશ ભાઈ ઠાકર (કાતા) મા, રૂદ્ર વિજય ભાઈ સાગર (ફાઈટ),. મનન વૈભવ દોશી (ફાઈટ), માહી વૈભવ દોશી (ફાઈટ), ચૈત્ય કલપેશ કોઠારી (કાતા), સ્પર્ધા મા વિજેતા થઈ મેડલ જીતી લીધા હતા અને ઊના તાલુકાના અને ગીર સોમનાથ જિલ્લા નું ગૌરવ વધાર્યુ હતું.

## રાજકોટથી મનાલી ગયેલા વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાયા

રાજકોટ, તા.૧૪

રાજકોટથી મનાલી પ્રવાસમાં ગયેલા મહાત્મા ગાંધી સ્કૂલના વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી હોવાનું સામે આવ્યું છે. મનાલીમાં ચાલુ વરસાદે યુનિવર્સલ કલબના મેનેજર ૪૫ વિદ્યાર્થીઓને મૂકીને અન્ય બસમાં ચાલ્યા ગયા. બે કલાક સુધી વિદ્યાર્થીઓ સામાન સાથે વરસાદમાં પલળ્યા હતા.

જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓ માંદા પડ્યા હતા અને બાદમાં બસ આવી ત્યારે તેમાંથી પણ પાણી ટપકતું રહ્યું, જેના કારણે વિદ્યાર્થીઓ રોષે ભરાયા હતા અને સૌરાષ્ટ્ર કોંગ્રેસના પ્રવક્તાને આ વીડિયો મોકલી પોતાની સમસ્યા જણાવી હતી.

મહાત્મા ગાંધી સ્કૂલમાં ધો. ૧૦માં અભ્યાસ કરતા અભિ ગીરીશભાઈ વરસાણીનું કહેવું છે કે સ્કૂલમાંથી અમને ગત તા. ૪ના રાત્રે ટ્રેન મારફત કુલુ મનાલી પ્રવાસ માટે રાજકોટથી લઈ જવામાં આવ્યા હતા. આ દરમિયાન મનાલીમાંથી વૈષ્ણોવદેવી મંદિરે જવા માટે ૨ બસમાં નીકળ્યા હતા. જેમાં પ્રથમ બસમાં ટુર્સ એજન્સીના મેનેજર નીકળી ગયા હતા. બાદમાં વરસાદ શરૂ થઈ ગયો તેમછતાં બસ ન આવી. જેના કારણે ૪૫ વિદ્યાર્થીઓ વરસામાં ભીંજાવા સાથે અમારો સામાન પણ પલળી ગયો.

વિદ્યાર્થીઓનું કહેવું છે કે અમે ૪૫ વિદ્યાર્થીઓ હોટલમાંથી નીકળી ગયા છતાં બસ આવી ન હતી.. ટુર એજન્સીના મેનેજર સાથે ન હતા.અચાનક ધોધમાર વરસાદ શરૂ થતા અમે તમામ વિદ્યાર્થીઓ વરસાદમાં પલળી ગયા અને અમારો સામાન પણ પલળી ગયો. અમુક વિદ્યાર્થીઓને ચક્કર આવવા લાગ્યા તો કેટલાકને ઉલ્ટી થઈ.

## સૌરાષ્ટ્ર શુટીંગ વોલીબોલ સ્પર્ધામાં ઉનાની ટીમનું શાનદાર પ્રદર્શન



(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૪

વ્રજભુમી અખાડા-ભાવનગર ખાતે ઓપન સૌરાષ્ટ્ર શુટિંગ વોલીબોલ ટુર્નામેન્ટ-૨૦૨૪ નું તારીખઃ- ૧૧/૦૫/૨૦૨૪ ના રોજ આયોજન થયેલું જેમાં સૌરાષ્ટ્રની એક્સેલ, જેવીસી, વ્રજભૂમિ, ચોરવાડ, જામનગર, ઉમરાળા, જેસર, અમરેલી વિગેરે ૧૬ જેટલી ટીમોએ ભાગ લીધેલ જેમાં ઉનાની ટીમના સભ્યો (૧) મિહિર પરમાર, (૨) ધર્મેશ દવે, (૩) નિકુંજ, (૪) નયન, (૫) હિરેન જોશી, (૬) રણજીત બાંભણિયા વિગેરેએ શાનદાર પ્રદર્શન કરી રનર્સઅપ થયેલ અને ઉનાનું નામ રોશન કરેલ.

# ભારત ત્રીજું સૌથી મોટું સૌર ઊર્જાનું ઉત્પાદક છે, જેની ૨૦૧૫ની સરખામણીમાં હાલ તેની ક્ષમતા ૧૭ ગણી વધુ છે

## ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યુ ૨૦૨૪ એનર્જી થિંક ટેન્ક એમ્બરના વાર્ષિક અહેવાલમાં પ્રકાશિત થયા મુજબ વિશ્વમાં પ્રથમ વખત નવીનીકરણીય ઊર્જા કુલ ઊર્જા ઉત્પાદનમાં ૩૦ ટકા હિસ્સો ધરાવે છે



નવી દિલ્હી, તા.૧૪

વૈશ્વિક ઊર્જા થિંક-ટેન્ક એમ્બર દ્વારા ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યુ ૨૦૨૪ મુજબ ચીન અને યુ.એસ. બાદ ભારત હવે વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદક દેશ છે, જે જાપાનથી આગળ છે. અહેવાલ મુજબ ભારતે ૨૦૨૩માં ૧૮+ ટેરાવોટ કલાકો (TWh) સૌર ઊર્જા ઉમેરીને દેશમાં કુલ વીજળી મિશ્રણના ૫.૮ ટકાની રચના કરી છે. એમ્બરે વૈશ્વિક સ્તરે નવીનીકરણીય ઊર્જા ઉત્પાદનની સ્થિતિ ઉપર પ્રકાશિત તેના વાર્ષિક અહેવાલની પાંચમી આવૃત્તિ તૈયાર કરી છે. જેમાં તે ૮૦ દેશોની ઊર્જા વૃદ્ધિનું મૂલ્યાંકન કરે છે, જેમનો વૈશ્વિક વીજળીની માંગનો ૯૨ ટકા હિસ્સો છે. અહેવાલ જણાવે છે કે, વિશ્વએ ૨૦૨૩ સુધીમાં તેના કુલ ઊર્જા મિશ્રણમાં પ્રથમ વખત ૩૦ ટકા નવીનીકરણીય ઊર્જા હાંસલ કરી છે અને આમાંનો મોટાભાગનો ઉમેરો સૌર અને પવન ઊર્જા સ્ત્રોતોમાંથી આવે છે.

ગત વર્ષે દુબઈમાં આયોજિત COP28 ક્લાઈમેટ સમિટનો ધ્યેય ૨૦૩૦ સુધીમાં નવીનીકરણીય ઊર્જા ક્ષમતાને ત્રણ ગણો કરવાનો છે, ત્યાં સુધીમાં નવીનીકરણીય ઊર્જા વૈશ્વિક ઊર્જા વપરાશના ૬૦ ટકા જેટલી થવાની ધારણા છે. એમ્બરના વૈશ્વિક આંતરદૃષ્ટિ નિર્દેશક ડેવ જોન્સે એક સંચારમાં જણાવ્યું હતું કે, 'સૌરમાં નવીનીકરણીય ભાવિ આવી ગયું છે, કોઈએ વિચાર્યું તે કરતાં વધુ ઝડપથી વેગવાન બન્યું છે.' ૨૦૨૧ સુધી પવન ઊર્જાની વૃદ્ધિ હંમેશા સૌર ઊર્જાની તુલનામાં વધુ હતી પરંતુ ૨૦૨૨ અને ૨૦૨૩માં સૌર એ સૌથી ઝડપથી વિકસતા નવીનીકરણીય ઊર્જા સ્ત્રોત તરીકે પવન ઊર્જાને પાછળ છોડી દીધી છે. અહેવાલ જણાવે છે કે, મોટાભાગના દેશોમાં સોલારનો વધારો સહાયક નીતિઓ, ભાવમાં ઝડપી ઘટાડો અને સોલર પેનલ મોડ્યુલની ઉપલબ્ધતા અને બેટરી સ્ટોરેજ ખર્ચમાં ઘટાડો થવાને કારણે થયો છે. તેને સંદર્ભમાં મૂકવા માટે બ્લૂમબર્ગ એનઈએફના જણાવ્યા અનુસાર ૨૦૨૨માં વૈશ્વિક સૌર ક્ષમતાનો ઉમેરો ૨૬૮ ગીગાવોટ હતો, જ્યારે ૨૦૨૩માં તે ૪૪૪ ગીગાવોટ હતો. જે એક મોટો વધારો છે અને ઈન્ટરનેશનલ એનર્જી એજન્સી અને એમ્બરની આગાહી અનુસાર આ વધુ વધવા માટે અપેક્ષિત છે.

છેલ્લા દાયકામાં (૨૦૧૨-૨૦૨૨) સૌર ઊર્જાનો વિકાસ દર ૨૩ ટકા રહ્યો છે, જે સકારાત્મક સમાચાર છે. એમ્બરના અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે, ૨૦૩૦ સુધીમાં વૈશ્વિક સ્તરે નવીનીકરણીય ઊર્જા ક્ષમતામાં ત્રણ ગણો વધારો કરવા માટે સૌર ઊર્જાને આગામી દાયકામાં માત્ર ૯ ટકા વૃદ્ધિ દર જાળવી રાખવાની જરૂર છે. ગ્લોબલ ઈલેક્ટ્રિસિટી રિવ્યુ ૨૦૨૪એ પણ હાઈલાઈટ કર્યું હતું કે, જ્યારે ૨૦૨૩માં સૌર અને પવન ઊર્જા ઉત્પાદનમાં અનુક્રમે ૨૩ ટકા અને ૧૦ ટકા વૃદ્ધિ જોવા મળી હતી. આ જ સમયગાળામાં અશ્મિભૂત ઈંધણ ઉત્પાદનમાં ૦.૮ ટકાનો વધારો નોંધાયો હતો.

**અશ્મિભૂત ઇંધણ વિશે શું ? :-**

એમ્બરના વિશ્લેષકોના મતે સૌર અને પવન ઊર્જા વૃદ્ધિને કારણે આ વર્ષે અશ્મિભૂત બળતણ ઊર્જા ઉત્પાદનમાં થોડો ઘટાડો થવાની ધારણા છે. એમ્બરના અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે, વિશ્વના અડધા દેશો તેમના 'પીક ફોસિલ ફ્યુઅલ ઈલેક્ટ્રિસિટી જનરેશન' બિંદુને પાર કરે પાંચ વર્ષ વીતી ગયા છે. મોટાભાગની મોટી અર્થવ્યવસ્થાઓમાં કોલસાના ઉત્પાદનમાં 'સતત ઘટાડો' થઈ રહ્યો છે. યુએસમાં ૧૯ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે જાપાનમાં ૬.૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રિપોર્ટ નોંધે છે કે, યુરોપિયન યુનિયનમાં કોલસાના ઉત્પાદનમાં ૨૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, પરંતુ તેના કારણો અલગ હતા. યુ.એસ.માં તે મુખ્યત્વે કોલસામાંથી કુદરતી ગેસ ઉપર સ્વિચ કરતી હતી, જ્યારે EUમાં તે પવન અને સૌર ઊર્જા હતી જેણે આ ઘટાડા માટે ફાળો આપ્યો હતો. જો કે, ભારત હજુ પણ ચીન, વિયેતનામ અને મેક્સિકો સાથે કોલસાનું ઉત્પાદન કરતા ટોચના ચાર દેશોમાંનું એક છે. ચીનમાં ૨૦૨૪માં કોલસાના ઉત્પાદનમાં ૩ ટકાનો ઘટાડો થવાની ધારણા છે, પરંતુ હાલમાં ભારત માટે આવી કોઈ આગાહી નથી. ચીન અને ભારત એવા દેશોમાં પણ સામેલ છે જ્યાં વૈશ્વિક વીજળીની માંગ સૌથી વધુ હતી અને એમ્બરે આગાહી કરી છે કે, મજબૂત GDP વૃદ્ધિ, ઈલેક્ટ્રિક કાર અને હીટ પંપમાં વધારો અને અત્યારે આ દેશોમાં ઔદ્યોગિક દબાણને કારણે આ વૃદ્ધિ ચાલુ રહેશે. અહેવાલ મુજબ, ૨૦૨૩માં ચીન અને ભારતમાં અશ્મિભૂત ઈંધણના ઉત્પાદનમાં વધારો પુનરાવર્તિત દુષ્કાળને કારણે હતો, જેણે હાઈડ્રો-એનર્જી ઉત્પન્ન કરવાની તેમની ક્ષમતામાં ઘટાડો કર્યો હતો. ભારતમાં હાઈડ્રો-જનરેશનમાં ૧૫ ટકાનો ઘટાડો થયો છે જ્યારે ચીનમાં ૪.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો છે. ૨૦૨૩માં દુષ્કાળને કારણે હાઈડ્રોપાવર પાંચ વર્ષની નીચી સપાટીએ આવી ગયું હતું પરંતુ આજે તે વિશ્વમાં સૌથી મોટો સ્વચ્છ ઊર્જા સ્ત્રોત છે. વૈશ્વિક સ્તરે પાવર સેક્ટરના ઉત્સર્જનમાં ઘટાડો જોવા મળ્યો નથી તેનું કારણ હાઈડ્રોપાવરની નોંધાયેલ નુકશાન છે, જો કે, સૌર ઊર્જા ધીમે-ધીમે આ નુકસાનને ભરપાઈ કરશે તેવી અપેક્ષા છે. એમ્બર રિપોર્ટ નોંધે છે કે, સમગ્ર વિશ્વમાં વીજળીની માંગમાં વધારો થવાનું બીજું મુખ્ય કારણ એર કન્ડિશનરનો વધતો ઉપયોગ છે.

**ભારતનું સૌર ઊર્જાનું ઉત્પાદન અને સંગ્રહ :-**

ભારતનું સૌર ઊર્જા ઉત્પાદન વૈશ્વિક માર્ગ સાથે સુસંગત છે, કારણ કે, તેણે 18+ TWh સૌર ઊર્જા ઉમેરીને ૨૦૨૩માં સૌર ઊર્જા ઉત્પાદનમાં વિશ્વમાં ચોથા ક્રમનો સૌથી મોટો વધારો જોયો હતો. તે ચીન, યુએસ અને બ્રાઝિલની બરાબર પાછળ છે, જેણે ગયા વર્ષે અનુક્રમે 156 TWh, 33 TWh અને 22 TWh ઉમેર્યા હતા. સૌર ઊર્જામાં આ વધારો સતત થયો છે, ભારતની વર્તમાન સૌર ક્ષમતા તેની ૨૦૧૫ની ક્ષમતા કરતાં ૧૭ ગણી વધારે છે. પાવર ઉત્પાદન ઉપરાંત ભારતે તેની બેટરી સ્ટોરેજ ક્ષમતામાં પણ વધારો કર્યો છે. દિલ્હી ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશન (DERC)એ જાહેરાત કરી કે તેણે દિલ્હીમાં કિલોકરી સબસ્ટેશન ખાતે ભારતની પ્રથમ વ્યાપારી ઉપયોગિતા-સ્તરની બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ (BESS)ને નિયમનકારી મંજૂરી આપી છે. તે ઉપયોગિતા-સ્તરનું એકમ હોવાથી BESS પાસે 20 MW/40 MW પ્રતિ કલાકની ક્ષમતા છે, જે સામાન્ય રહેણાંક BESSની ક્ષમતા કરતા ૧૦૦ ગણી છે.

GEAPP દ્વારા એક નિવેદનમાં જણાવાયું છે કે, ગ્લોબલ એનર્જી એલાયન્સ ફોર પીપલ એન્ડ પ્લેનેટ (GEAPP) દ્વારા આ નવી ઊર્જા સંગ્રહ પ્રણાલી સાથે આંશિક રીતે ભંડોળ પૂરૂં પાડવામાં આવેલા સરકાર ૧૨,૦૦૦ ઓછી આવક ધરાવતા ઘરોને 24×7 વિશ્વસનીય વીજ પુરવઠો પ્રદાન કરવાની યોજના ધરાવે છે. એમ્બરના અહેવાલ મુજબ, આગામી દાયકાઓમાં ઊર્જા સંક્રમણ માટે નવીનીકરણીય ઊર્જા સંગ્રહ પ્રણાલીઓ સૌથી મોટો પડકાર છે. પ્રોજેક્ટ્સ જેમ કે GEAPP અને DERC ના કોમર્શિયલ જો ભારતે તેના COP28 રિન્યુએબલ એનર્જી લક્ષ્યાંકો પૂરા કરવા હોય તો કિલોકરીમાં સંગ્રહ વ્યવસ્થા ભવિષ્યમાં નિર્ણાયક બની રહેશે.

# ૨૭ ઈ-મેઈલ, ૧૦ બેંક ખાતા : તારક મહેતાના ગુમ થયેલા અભિનેતા સોઢીનું રહસ્ય ઘેરાયું



નવી દિલ્હી, તા.૧૪

તારક મહેતા એક્ટર ગુરચરણસિંહ ૨૨ એપ્રિલથી ગુમ છે. હજુ સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી. પોલીસ સતત તપાસ કરી રહી છે. હવે આ મામલે દિલ્હી પોલીસે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. ગુમ થયેલા અભિનેતા સોઢીના કેસની તપાસ કરતી પોલીસને અભિનેતા સંબંધિત ૨૭ જેટલા અલગ-અલગ ઈ-મેઈલ એકાઉન્ટ મળી આવ્યા છે. આ ઈ-મેઈલ જોઈને એવું લાગે છે કે, કદાચ તેને ડર હતો કે કોઈ તેના ઉપર નજર રાખી રહ્યો છે. તેના ડરથી જ તેણે એકથી વધુ ઈ- મેઈલ એકાઉન્ટ રાખ્યા હશે તેવી આશંકા સેવાઈ રહી છે. તારક મહેતા કા ઉલ્ટા ચશ્મામાં રોશનસિંહ સોઢીનું પાત્ર ભજવનાર ગુરૂચરણસિંહનો હજુ સુધી કોઈ પત્તો મળ્યો નથી. ગુરચરણસિંહ ૨૨ એપ્રિલથી લાપતા છે. તેના ગુમ થવાનું રહસ્ય વધુને વધુ જટિલ બની રહ્યું છે. હવે આ મામલામાં દિલ્હી પોલીસે એક સનસનીખેજ ખુલાસો કર્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર, ગુરૂચરણસિંહ ૧૦થી વધુ બેંક એકાઉન્ટ્સ ઓપરેટ કરી રહ્યા હતા. ત્યારે કેસની પ્રારંભિક તપાસમાં એ વાત સામે આવી હતી કે, તેનો ધર્મ તરફ ઝુકાવ વધી રહ્યો છે. એક અહેવાલ અનુસાર દિલ્હી પોલીસે ખુલાસો કર્યો છે કે, ગુરૂચરણસિંહ ૧૦થી વધુ બેંક એકાઉન્ટ્સ ઓપરેટ કરી રહ્યા હતા. એક અહેવાલમાં સૂત્રોને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, આર્થિક સ્થિતિ નબળી હોવા છતાં ગુરૂચરણે ઘણા બેંક એકાઉન્ટ્સ મેન્ટેન કરી રાખ્યા હતા. જ્યારે એક અન્ય અહેવાલ અનુસાર, ગુરૂચરણસિંહના એક કરતા વધુ જીમેલ એકાઉન્ટ હોવાનું પણ જાણવા મળ્યું છે. અહેવાલો અનુસાર, તેણે તેના ક્રેડિટ કાર્ડમાંથી રોકડ ઉપાડીને બીજા કાર્ડના બેલેન્સની ચૂકવણી કરી હતી. ગુરૂચરણસિંહે છેલ્લે એટીએમમાંથી ૧૪ હજાર રૂપિયા ઉપાડ્યા હતા. આ સિવાય હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. પ્રારંભિક તપાસ દરમ્યાન ગુરૂચરણસિંહના પરિચિતો અને મિત્રોએ પોલીસને જણાવ્યું હતું કે, અભિનેતાનો ધર્મ ઝુકાવ વધી રહ્યો હતો અને તેણે પહાડો ઉપર જવાની વાત કરી હતી. તમને જણાવી દઈએ કે, ગુરૂચરણસિંહ ૨૨ એપ્રિલથી લાપતા છે અને હજુ સુધી તેમનો કોઈ પત્તો મળ્યો નથી. ગુરૂચરણસિંહ ૨૨ એપ્રિલે મુંબઈ પહોંચવાના હતા, જે વ્યક્તિ તેમને રિસીવ કરવાના હતા તેને પણ ગેરમાર્ગે દોરવામાં આવ્યો હતો. હાલ પોલીસ આ કેસની સતત તપાસ કરી રહી છે.

# કોંગ્રેસ ૫૦ બેઠકો પણ નહીં જીતે, ચૂંટણી બાદ વિરોધ પક્ષના દરજ્જાના પણ ફાંફાં થશે : વડાપ્રધાન મોદી



નવી દિલ્હી તા.૧૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૫૦ બેઠકો પણ જીતી શકશે નહીં અને ચૂંટણી પછી તેને વિરોધ પક્ષનો દરજ્જો પણ નહીં મળે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દાવો કર્યો હતો કે કોંગ્રેસ લોકસભા ચૂંટણીમાં ૫૦ બેઠકો પણ જીતી શકશે નહીં અને ચૂંટણી પછી તેને વિરોધ પક્ષનો દરજ્જો પણ નહીં મળે. ઓડિશામાં કંધમાલ લોકસભા સીટની ફુલબનીમાં એક ચૂંટણી રેલીને સંબોધતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે રાજ્યમાં 'ડબલ એન્જિન' સરકાર બનશે અને ઓડિશામાં ભાજપ સરકારના મુખ્યપ્રધાન દીકરી કે પુત્ર હશે જે સમજશે. ઉડિયા ભાષા અને સંસ્કૃતિ. કેન્દ્રમાં અટલ બિહારી વાજપેયીની આગેવાની હેઠળની અગાઉની ભાજપ સરકારની સિદ્ધિઓને યાદ કરતાં તેમણે કહ્યું કે ૨૬ વર્ષ પહેલાં આ દિવસે પોખરણ પરિક્ષણે સમગ્ર વિશ્વમાં દેશનું કદ ઊંચું કર્યું હતું. વડાપ્રધાને એમ પણ કહ્યું કે તેમની સરકારે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ કરીને લોકોની ૫૦૦ વર્ષની રાહનો અંત લાવ્યો છે. બીજેડી સામે નિશાન તાકતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે રાજ્યમાં કુદરતી સંસાધનોના ભરપૂર સ્ત્રોત છે છતાં રાજ્યને ગરીબ જ રખાયું છે. આવા લોકોને હવે સત્તામાંથી બહાર તગેડી મૂકવાનો સમય આવી ગયો છે. કોંગ્રેસને ૧૦ ટકા બેઠકો પણ નહીં મળે અને તે ૫૦ સીટોમાં સમેટાઈ જશે. લોકસભા ચૂંટણી પતી ગયા બાદ તેને વિપક્ષનો દરજ્જો મેળવવામાં પણ ફાંફા થઈ જશે. રાહુલ ગાંધીના સ્પષ્ટ સંદર્ભમાં તેમણે કહ્યું, કોંગ્રેસ 'શહેજાદે' ૨૦૧૪ની ચૂંટણીઓથી સમાન સ્ક્રિપ્ટ વાંચી રહ્યા છે. મારા શબ્દોને ચિહ્નિત કરો, એનડીએ તમામ રેકોર્ડ તોડી નાખશે અને આ વખતે ૪૦૦થી વધુ બેઠકો જીતશે. અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં કેન્દ્રમાં ગત બીજેપી સરકારની સિદ્ધિઓને યાદ કરતાં તેમણે કહ્યું કે ૨૬ વર્ષ પહેલા આ દિવસે પોખરણ પરીક્ષણોએ સમગ્ર વિશ્વમાં દેશની છબી વધારી હતી.

# ધોરણ-૧૦માં નાપાસ થયેલા ૧.૫૬ લાખ પૂરક પરીક્ષા માટે લાયક

અમદાવાદ, તા.૧૪

શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦માં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આ વખતે પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. આ વખતે ૩ વિષયમાં ૧.૫૬ લાખ વિદ્યાર્થીઓ નાપાસ થયા હોવાથી તેઓ પૂરક પરીક્ષા આપી શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી ધોરણ-૧૦ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી એક અથવા બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની જુલાઈમાં પુરક પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ આ વખતે ધોરણ-૧૦માં બેના બદલે ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની પણ પૂરક પરીક્ષા લેવાનું નક્કી કરતા અનેક વિદ્યાર્થીઓને તેનો સીધો ફાયદો થશે. ધોરણ-૧૦નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ આગામી જૂન માસમાં લેવાનારી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત રહી શકશે. ધોરણ-૧૦માં આ વખતે ૧ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૫૮,૪૨૪ જેટલી છે. જ્યારે ૨ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૩,૧૯૭ અને ૩ વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫,૦૮૭ જેટલી છે. આમ કુલ ૧,૫૬,૭૦૮ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. ૩ વિષયમાં પૂરક પરીક્ષા લેવાનો નિર્ણય કરવામાં આવતા ૩૫ હજાર કરતા વધુ વિદ્યાર્થીઓ પૂરક પરીક્ષા માટે લાયક બન્યા છે. આગામી જૂન માસમાં લેવાનારી પરીક્ષામાં તેઓ ઉપસ્થિત રહેશે.

## પક્ષના પ્રદેશ પ્રમુખને રાદડિયા સામે પગલાં લેવાની માંગણી કરી

# ઈફ્કો ચૂંટણી : ભાજપના મેન્ડેટની અવગણનાને મુદ્દો બનાવી ભાજપના જ નેતા આમને-સામને

## મેં પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી, સામાજિક સંસ્થાઓ રાજનીતિમાં ન આવે : રાદડિયા

ગાંધીનગર, તા.૧૪

ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ ભાજપના જ ધારાસભ્યે સહકારી ક્ષેત્રે ચૂંટણી લડી જીત મેળવતા પાર્ટીના મેન્ડેટની અવગણનાનો મુદ્દો ઉઠાવી સવાલો ઊભા કરવામાં આવી રહ્યા છે. આ મામલે ભાજપના જ નેતાઓ સામ-સામે આવી ગયા છે. ઈફ્કોના ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપના મેન્ડેટના વિરોધમાં ચૂંટણી લડેલા જેતપુરના ધારાસભ્ય જયેશ રાદડિયા વિજેતા બનતા છેલ્લા બે દિવસથી સહકારી ક્ષેત્રનું રાજકારણ ગરમાયુ છે. રાજકોટ જિલ્લા ભાજપના આગેવાન બાબુ નસીતે જયેશ રાદડિયા ઉપર પ્રહાર કર્યા હતા. તેણે જયેશ રાદડિયા સહિત તેમને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માંગ કરી હતી. સાથે જ સામાજિક સંસ્થાના એક આગેવાને પણ જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા મતદારોને અપીલ કરી હોવાની ચર્ચા ચાલી રહી છે. જો કે, આ મામલે જયેશ રાદડિયાએ જણાવ્યું હતું કે, મેં પાર્ટી વિરૂદ્ધ કોઈ કામ કર્યું નથી. સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રના રાજકારણમાં વચ્ચે ન આવવું જોઈએ. દેશની ટોચની સહકારી સંસ્થા ઈફ્કોમાં ડિરેક્ટરની ચૂંટણીમાં ભાજપ દ્વારા અમદાવાદનાં બિપીન પટેલને મેન્ડેટ આપવામાં આવ્યું હતું. જેની સામે ધારાસભ્ય જયેશ રાદડિયાએ ચૂંટણી લડી હતી અને ૧૧૪ મત મેળવી જીત મેળવી હતી. આ પછી તુરંત જ ભાજપનો આંતરિક જૂથવાદ ખુલ્લીને સામે આવી ગયો હતો. એક બાદ એક ભાજપના નેતા દ્વારા સામસામે નિવેદન કરવામાં આવી રહ્યા છે. રાજકોટ જિલ્લા ભાજપના નેતા બાબુ નસીત દ્વારા જયેશ રાદડિયા ઉપર પ્રહાર કરવામાં આવ્યા હતા અને જયેશ રાદડિયાને મત આપનાર સભ્યો સામે પણ પ્રદેશ અધ્યક્ષ પગલાં લે તેવી માંગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજકોટ લોધિકા સંઘમાં મેન્ડેટ હોવા છતાં મારા વિરૂદ્ધ પગલાં લેવામાં આવ્યા હતા. આજે પણ સહકારી ક્ષેત્રમાં ભાજપ-કોંગ્રેસનું ઈલું ઈલું ચાલી રહ્યું છે. ડો. ડાયાભાઈ પટેલ અને મહમદ પીરજાદા બંને રાજકોટ ડિસ્ટ્રીક્ટ બેંકના સભ્યો છે. આ બંને સભ્યો કોંગ્રેસના છે અને ચૂંટણીમાં ભાજપ વિરૂદ્ધ મતદાન કર્યું હતું. અમારી સામે જેવી રીતે પગલાં લેવાયા તેવી જ રીતે જયેશ રાદડિયા સામે પાર્ટીએ પગલાં લેવા જોઈએ. સહકારી સંસ્થાઓમાં કોંગ્રેસમાંથી આવેલા ભાજપના નેતાઓ ભ્રષ્ટાચાર કરે જ છે. ભાજપ વિરૂદ્ધ જઈ કામ કરે છે તેની સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ છે. જયેશ રાદડિયાએ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ઈફ્કોની ચૂંટણીમાં ભાજપે મેન્ડેટ આપ્યું તે પહેલા મેં ઉમેદવારી નોંધાવી હતી. મને ખબર પણ નહોતી કે ભાજપે મેન્ડેટ આપ્યું છે. લોકસભા ચૂંટણીમાં મારી વિધાનસભા વિસ્તારમાં મેં પાર્ટી માટે જ કામ કર્યું. મેં કોઈ પાર્ટી વિરૂદ્ધ કામ કર્યું નથી. રાજકોટ જિલ્લા બેંક અને સહકારી માળખું ખેડૂત સભાસદો ઉપર ચાલે છે. મારા ઉપર આક્ષેપ કરે છે તેને મારે જવાબ આપવાના ન હોય. મારે ખેડૂત સભાસદોનું હિત જોવાનું છે. સામાજિક સંસ્થાના આગેવાનની દખલગીરી અંગે નિવેદન આપતા જણાવ્યું હતું કે, કોઈ સામાજિક સંસ્થાઓએ સહકારી ક્ષેત્રમાં ન આવવું જોઈએ. રાજકારણમાં સામાજિક સંસ્થાઓએ ન ઝંપલાવવુ જોઈએ. સામાજિક સંસ્થાઓના વડાને કહેવા માગું છું કે, સમાજમાં રાજકારણ કરવાને બદલે જો રાજકારણ કરવું જ હોય તો રાજનીતિમાં આવી જવું જોઈએ. આ સાથે ઈફ્કોની ચૂંટણીમાં મતદારોને જયેશ રાદડિયા વિરૂદ્ધ મતદાન કરવા પાટીદાર સમાજની એક સંસ્થાના આગેવાન દ્વારા અપીલ કરવામાં આવી હોવાની ચર્ચા પણ જોરશોરથી ચાલી રહી છે. આ અંગે ખોડલધામના પૂર્વ પ્રમુખ અને રાજકોટ બિલ્ડર એસોસિએશનનાં પ્રમુખ પરેશ ગજેરાએ જણાવ્યું હતું કે, વિઠ્ઠલભાઈ પછી હવે જયેશભાઈ ખેડૂત નેતા છે તેને બધાએ સહકાર આપવો જોઈએ. ખેડૂતો માટે કામ કરી રહ્યા છે. જયેશભાઈ વિરૂદ્ધ મતદાન કરવા અપીલ સામાજિક અગ્રણીએ કરી હોવાની વાત મને મળી છે. ખરેખર આવું ન થવું જોઈએ અને જેતે સંસ્થાના ટ્રસ્ટીઓ દ્વારા તેમને સંસ્થામાંથી બરતરફ કરવા જોઈએ.

# ઈન્ડિયા બ્લોકના નેતાઓએ મતદાનના ડેટા અને MCCના ઉલ્લંઘન અંગે ચૂંટણી પંચની મુલાકાત કરી

## નેતાઓએ લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કા માટે મતદાનના આંકડા જાહેર કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી

નવી દિલ્હી તા.૧૪

દેશના વિપક્ષી પક્ષના નેતાઓનું એક પ્રતિનિધિમંડળ ભારતના ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીઓને મળ્યું હતું અને લોકસભા ચૂંટણીના પ્રથમ બે તબક્કામાં મતદાનના આંકડા જાહેર કરવામાં વિલંબ અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને ચૂંટણી દરમ્યાન સત્તાધારી ભાજપના નેતાઓ દ્વારા આદર્શ આચાર સંહિતા (MCC)નું ઉલ્લંઘન ઉપર કરવામાં આવેલી ફરિયાદો ઉપર પગલાં લેવા વિનંતી કરી હતી. સમાજવાદી પાર્ટીના નેતા જાવેદ અલીએ ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા રાજ્યમાં લોકોને જારી કરવામાં આવતા "રેડ કાર્ડ"નો મુદ્દો ઉઠાવ્યો અને તેઓએ કહ્યું કે ઘણા લોકોને તેમના મતાધિકારનો ઉપયોગ કરતા અટકાવવામાં આવે છે. આ પ્રતિનિધિ મંડળમાં કોંગ્રેસના નેતાઓ અભિષેક મનુ સિંઘવી અને સલમાન ખુર્શીદ, તૃણમૂલ કોંગ્રેસના ડેરેક ઓ'બ્રાયન, ડીએમકેના ટી.આર. બાલુ, જેએમએમના મહુઆ માઝી, સીપીઆઈના બિનોયવિશ્વમ અને જાવેદ અલી હતા. સિંઘવીએ મીટિંગ પછી મીડિયાને જણાવ્યું હતું કે, આ અમારી ઈન્ડિયા ગઠબંધનની વિશિષ્ટ મિટિંગ છે. જે ભારતભરમાં દરેક પક્ષનું પ્રતિનિધિત્વ કરવામાં આવે છે. અમે ૪૫ મિનિટથી એક કલાકનો સમય પસાર કર્યો હતો. અમારી ફરિયાદો ઉપર કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી. તમે અપરાધીઓને નહીં પણ ચૂંટણી પંચના ઈતિહાસમાં પહેલીવાર, તમે પાર્ટી પ્રમુખોને નોટિસ મોકલી છે. સિંઘવીએ કહ્યું કે તેમને ECI નોટિસના જવાબ વિશે અથવા લેવામાં આવી રહેલી કાર્યવાહી વિશે જાણ કરવામાં આવી નથી. આ વિલંબ શા માટે છે ? કોંગ્રેસના નેતાએ એવો પણ સંકેત આપ્યો હતો કે વિરોધ પક્ષો આ મુદ્દાને લઈને સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરી શકે છે. બંધારણીય કાર્યકર્તાએ આ રીતે કામ કરવું જોઈએ નહીં. અમે વ્યથિત છીએ અમને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવ્યો નથી. સિંઘવીએ જણાવ્યું હતું કે ચૂંટણીના પ્રથમ બે તબક્કા દરમ્યાન મતદાનની ટકાવારી જાહેર કરવામાં વિલંબનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. મતદારોની ટકાવારીમાં વધારો ૫.૭૪ ટકા અથવા ૫.૫ ટકા છે. પ્રથમ ત્રણ તબક્કામાં ૨૦૧૯ની ચૂંટણીમાં તુલનાત્મક આંકડો બે ટકા, એક ટકા, ૨.૫ ટકા હતો, આ વખતે તે ડબલ છે. વિપક્ષના આક્ષેપો વચ્ચે, ECIએ જણાવ્યું હતું કે મતદાન સમાપ્ત થયા પછી તરત જ ઉમેદવારો પાસે મતદાનની વાસ્તવિક સંખ્યાનો બૂથ મુજબનો ડેટા ઉપલબ્ધ છે. ફોર્મ 17Cની નકલો, જેમાં મતદાર મતદાનના આંકડાઓ છે, જેમાં પ્રિસાઈડિંગ ઓફિસર અને તમામ હાજર મતદાન એજન્ટો દ્વારા યોગ્ય રીતે સહી કરેલ હોય છે, તે તમામ મતદાન એજન્ટો સાથે શેર કરવામાં આવે છે. સિંઘવીએ કહ્યું હતું કે જો ECI તાત્કાલિક કાર્યવાહી કરે તો આવા પ્રશ્નો ટાળી શકાય છે. તેઓએ આ વિલંબ અને આંકડાઓમાં વિસંગતતા ટાળવી પડશે


**ફ્લેટ વેંચવાનો છે**

જૂનાગઢનાં જગમાલ ચોક નજીક કાજીવાડા વિસ્તારમાં 2 BHK ફ્લેટ વેંચવાનો છે ફિકસ ફર્નીચર સાથે લીફટની સુવિધા છે

મો. ૯૮૨૪૫ ૯૨૫૫૯

# ખોવાયેલ સોનાના દાગીના તથા રોકડ મુળ માલીકને પરત કરતી જૂનાગઢ બી.ડીવીઝન પોલીસ



જૂનાગઢ તા. ૧૪

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નીલેશ જાજડીયાની સુચના તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ તથા નાયબ પોલીસ અધિક્ષક હીતેશ ધાંધલ્યા જૂનાગઢ વિભાગનાઓની સૂચના મુજબ જૂનાગઢ જીલ્લામાં પોલીસ પ્રજાનો મીત્ર બને પોલીસ, પ્રત્યે પ્રજામાં વિશ્વાસની ભાવના રહે. જે અન્વયે જૂનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર એચ.પી.ગઢવીની સુચના અન્વયે ગઈકાલે રાજકોટ જૂનાગઢ એસટી બસમાં મુસાફરી કરતા ગીતાબેન વા/ઓ મયુરાભઈ લાવડીયા લગ્ન પ્રસંગે જૂનાગઢ આવતા હતા. દરમ્યાન રેલ્વે સ્ટેશન ખાતે પોતે ઉતરી ગયેલ જે દરમ્યાન પોતાની પાસે રહેલ સોનાના દાગીના આશરે ૫૦ તોલા તેમજ રોકડ રકમ મળી આશરે રૂા.૩૫,૦૦,૦૦૦/- (પાંત્રીસ લાખ)નો મુદામાલ ભરેલ પર્સ બસમાં શરત ચુકથી રહી જતા જૂનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે આ બાબતે જાણ કરવા આવતા તાત્કાલીક બનાવ અંગે પ્રાથમીક નોંધ કરી જૂનાગઢ નેત્રમ શાખા પો.સ.ઈ.શ્રી ને મૌખીક જાણ કરી એસટી બસ તેમજ આજુ બાજુના વિસ્તારના સીસીટીવી કેમેરા ચેક કરતા જે દરમ્યાન જૂનાગઢ મીરાનગર પ્રણામી નગર વિસ્તારમાં રહેતા માજી સૈનીક રમણીકભાઈ માંડણભાઈ રાઠોડને ઉપરોકત પર્સ મળેલ હોય જે બાબતે પર્સમાં રહેલ કાગળો મારફતે તપાસ કરી અરજદારને જાણ કરતા તુરત ઉપરોકત સ્થળે પર્સ મેળવવા જતા ત્યાં અરજદારને ઉપરોકત પર્સની ખરાઈ કરી સોનાના દાગીના તથા રોકડ ભરેલ પર્સ અરજદારને જૂનાગઢ બી-ડીવીઝન પોલીસ તથા એસટી વિભાગના અધિકારીઓની હાજરીમાં સોંપી દેતા લાગણી સભર દ્રશ્યો સર્જાયા હતા. આ કામગીરીમાં જૂનાગઢ બી.ડીવી. પો.સ્ટે.ના પો.હેડકોન્સ ડી.કે.ગઢવી તથા એસ.ટી. વિભાગના એટીઆઈ સંજયભાઈ વાળાએ સાથે રહી કામગીરી કરેલ હતી.

### ત્રણ નકસલવાદીઓને ઠાર કરાયા

# મહારાષ્ટ્રમાં પોલીસ અને નકસલીઓ વચ્ચે અથડામણ

## ફાયરિંગ સ્થળેથી ત્રણ ઓટોમેટિક હથિયારો-1 AK47, 1 કાર્બાઈન અને 1 INSAS, નકસલી સાહિત્ય અને વસ્તુઓ મળી

ગઢચિરોલી, તા.૧૪

મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં પોલીસ અને નક્સલવાદીઓ વચ્ચે એન્કાઉન્ટરના સમાચાર સામે આવ્યા છે. આ એન્કાઉન્ટરમાં ત્રણ નક્સલવાદીઓ માર્યા ગયા છે. પોલીસે તેમની પાસેથી ઓટોમેટિક હથિયારો પણ જપ્ત કર્યા છે. વિશ્વસનીય સુત્રો પાસેથી માહિતી મળી હતી કે પેરીમીલી દલમના કેટલાક સભ્યો વર્તમાન TCOC સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્યથી ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામ નજીકના જંગલ વિસ્તારમાં પડાવ નાખી રહ્યા છે.

એડીશનલ એસપી ઓપ્સ યતીશ દેશમુખના નેતૃત્વમાં C60ના બે એકમો તરત જ વિસ્તારની શોધખોળ માટે શરૂ કરવામાં આવ્યા હતા. જ્યારે ટીમો વિસ્તારમાં સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી ત્યારે નક્સલવાદીઓ દ્વારા તેમના પર અંધાધૂંધ ગોળીબાર કરવામાં આવ્યો હતો જેનો અમારી C60 ટીમોએ જોરદાર જવાબ આપ્યો હતો.

ગોળીબાર બંધ થયા બાદ વિસ્તારનું સર્ચ ઓપરેશન કરવામાં આવ્યું હતું અને એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ફાયરિંગ સ્થળ પરથી ત્રણ ઓટોમેટિક હથિયારો - ૧ AK૪૭, ૧ કાર્બાઈન અને ૧ INSAS, નક્સલી સાહિત્ય અને વસ્તુઓ પણ મળી આવી છે. મૃતદેહો મુખ્યત્વે ડીવીસીએમ વાસુ, પેરિમિલી દલમના પ્રભારી અને કમાન્ડરના છે. અન્ય સભ્યોની ઓળખ કરવામાં આવી રહી છે. આ વિસ્તારમાં વધુ સર્ચ અને નક્સલ વિરોધી ઓપરેશન ચાલુ છે.

પોલીસ અધિક્ષક નીલોત્પલે જણાવ્યું હતું કે નક્સલવાદીઓના પેરીમિલી દલમના કેટલાક સભ્યો પોતાના ચાલી રહેલા ટેક્ટિકલ કાઉન્ટર ઓફેન્સિવ ઓપરેશન (TCOC) સમયગાળા દરમિયાન વિધ્વંસક પ્રવૃત્તિઓને અંજામ આપવાના ઉદ્દેશ્ય સાથે ભામરાગઢ તાલુકાના કટરાંગટ્ટા ગામની પાસે એક જંગલમાં પડાવ નાખીને બેઠા હતા.

તેમણે કહ્યું, ગઢચિરોલી પોલીસની વિશેષ લડાયક શાખા, C-60 કમાન્ડોની બે ટુકડીઓને તાત્કાલિક આ વિસ્તારમાં સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવી હતી. જ્યારે ટીમો સર્ચ ઓપરેશન ચલાવી રહી હતી, ત્યારે નક્સલવાદીઓએ તેમના પર અંધાધૂંધ ગોળીબાર કર્યો, જેનો સી ૬૦ જવાનોએ જવાબ આપ્યો.

તેમણે કહ્યું કે ગોળીબાર બંધ થયા બાદ સ્થળ પરથી એક પુરુષ અને બે મહિલા નક્સલવાદીઓના મૃતદેહ મળી આવ્યા હતા. તેમાંથી એકની ઓળખ પેરિમિલી દાલમના પ્રભારી કમાન્ડર વાસુ તરીકે કરવામાં આવી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે સ્થળ પરથી એક AK-47 રાઈફલ, એક કાર્બાઈન, એક ઈન્સાસ રાઈફલ, નક્સલવાદી સાહિત્ય અને વસ્તુઓ પણ મળી આવી છે.

### ભારત સરકારે સખત વાંધો ઉઠાવ્યો હતો

# નેપાળના પ્રમુખના આર્થિક સલાહકારે આપવું પડ્યું રાજીનામુ

## ચિરંજીવીએ ભારતના ત્રણ વિસ્તારો નેપાળના હોવાનો દાવો કરી નેપાળી ૧૦૦ રૂપિયાની નવી નોટોમાં દર્શાવ્યા હતા

નેપાળ, તા.૧૪

નેપાળી રૂપિયાની નોટ પર ભારતીય વિસ્તારો દર્શાવનાર નેપાળના પ્રમુખ રામ ચંદ્ર પૌડેલના આર્થિક સલાહકારે આખરે ભારતીય દબાણમાં રાજીનામું આપવું પડ્યું છે. નેપાળના પ્રમુખના આર્થિક સલાહકાર ચિરંજીવીએ ભારતના ત્રણ વિસ્તારો નેપાળના હોવાનો દાવો કરીને નેપાળી ૧૦૦ રૂપિયાની નવી નોટોમાં એ વિસ્તારો દર્શાવી દીધા હતા. ભારત સરકારે તેની સામે નેપાળ સમક્ષ સખત વાંધો ઉઠાવ્યો હતો. આ પછી નેપાળના પ્રમુખના આર્થિક સલાહકારે આ ભૂલની જવાબદારી લેતા રાજીનામું આપી દીધું છે. નેપાળની નવી ચલણી નોટ છાપ્યા બાદ કાઠમંડુએ આંતરરાષ્ટ્રીય મીડિયામાં વિવાદાસ્પદ નિવેદન પણ આપ્યું હતું.

નેપાળી પ્રમુખના કાર્યાલય દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી અનુસાર પ્રમુખે ચિરંજીવી નેપાળનું રાજીનામું સ્વીકારી લીધું છે. ચિરંજીવીએ સોમવારે કહ્યું, "મેં એક અર્થશાસ્ત્રી અને કેન્દ્રીય બેંકના ભૂતપૂર્વ ગવર્નર તરીકે ટિપ્પણી કરી હતી, પરંતુ કેટલાક મીડિયા આઉટલેટ્સે પ્રમુખના આદરણીય હોદ્દાને વિવાદમાં સંડોવવાના પ્રયાસમાં મારા નિવેદનને વિકૃત કર્યું છે.'' નેપાળની ૧૦૦ રૂપિયાની નવી ચલણી નોટમાં કાલાપાની, લિપુલેખ અને લિમ્પિયાધુરાને નવા નકશામાં સામેલ કરવામાં આવ્યા છે. જોકે, ભારત કહેતું રહ્યું છે કે આ ત્રણેય ક્ષેત્ર તેનો હિસ્સો છે. ચિરંજીવીએ કહ્યું, "કેટલાક પ્રકાશિત કરવામાં આવેલા અહેવાલો બાદ નૈતિક જવાબદારી સ્વીકારીને મેં રાજીનામું આપ્યું છે, જેમણે મારા નિવેદનના આધારે નેપાળના પ્રમુખને વિવાદમાં સામેલ કરવાનો પ્રયાસ કર્યો હતો. ગયા અઠવાડિયે નેપાળી સરકારની કેબિનેટની બેઠકમાં ૧૦૦ રૂપિયાની નવી નોટ છાપવા માટે જૂનાની જગ્યાએ નવા નકશાનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને ત્યારે ભારતીય વિસ્તારોમાં તેમાં દર્શાવવામાં આવશે એ જાણ્યા બાદ નવી દિલ્હીએ સખત વાંધો નોંધાવ્યો હતો. નેપાળના એક રાજકીય પક્ષ CPN-UMન્ના પ્રમુખ અને ભૂતપૂર્વ વડાપ્રધાન કેપી શર્મા ઓલીએ ચિરંજીવી નેપાળે કરેલી ટિપ્પણી બદલ તેમની જાહેરમાં ટીકા કરી હતી. અગાઉ, નાગરિક સમાજ સંગઠનોના નેતાઓના એક જૂથે સંશોધિત બંધારણ મુજબ નેપાળના નકશા સાથે રૂ. ૧૦૦ની નવી નોટો છાપવાના સરકારના નિર્ણય વિરુદ્ધ તેમની ટિપ્પણી પર ચિરંજીવીને હટાવવાની માંગ કરી હતી. તેમણે દલીલ કરી હતી કે આ વિષય પર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મીડિયા સાથે વાત કરતી વખતે તેમણે (ચિરંજીવીએ) રાષ્ટ્રીય હિત વિરુદ્ધ નિવેદન આપ્યું હતું.

ભારતના વિદેશ મંત્રી એસ જયશંકરે ગયા અઠવાડિયે ભારતીય વિસ્તારો દર્શાવતી નવી નોટો જારી કરવાના નેપાળ સરકારના નિર્ણય પર અસંમતિ વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે આનાથી જમીન પર પરિસ્થિતિ બદલાશે નહીં. નેપાળ પાંચ ભારતીય રાજ્યો – સિક્કિમ, પશ્ચિમ બંગાળ, બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડ સાથે ૧,૮૫૦ કિલોમીટરથી વધુની સરહદ ધરાવે છે.

### ચાંદીની કિંમત ૮૩ હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુ છે

# સોનાની કિંમત ૭૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ થઈ

## શુદ્ધતાના આધારે સોના ચાંદી બંને સસ્તા થયા છે




મુંબઈ, તા.૧૪

ઈન્ડીયન બુલિયન માર્કેટમાં આજે ૧૩ મે ૨૦૨૪ના રોજ સોનું અને ચાંદી સસ્તું થઈ ગયું છે. સસ્તું થયા બાદ સોનાની કિંમત ૭૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામને પાર પહોંચી ગઈ છે. તો બીજી તરફ ચાંદીની કિંમત ૮૩ હજાર રૂપિયા પ્રતિ કિલોથી વધુ છે. રાષ્ટ્રીય સ્તરે ૯૯૯ શુદ્ધતાના ૨૪ કેરેટ સોનાના ૧૦ ગ્રામની કિંમત ૭૨૪૯૦ રૂપિયા છે. જ્યારે ૯૯૯ શુદ્ધતા ચાંદીની કિંમત ૮૩૨૬૫ રૂપિયા છે.

ઈન્ડીયન બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના અનુસાર સોમવારે સાંજે ૨૪ કેરેટનું શુદ્ધ સોનું ૭૩૦૦૮ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતું, જે આજે સવારે ૭૨,૪૯૦ રૂપિયા પર આવી ગયું છે. આ પ્રકારે શુદ્ધતાના આધારે સોના ચાંદી બંને સસ્તા થયા છે.

ઓફિશિયલ વેબસાઈટ ibjarates.com અનુસાર આજે સવારે ૯૯૫ પ્યોરિટીવાળા દસ ગ્રામ સોનાના ભાવ ઘટીને ૭૨૨૦૦ રૂપિયા પહોંચી ગયો છે. તો બીજી તરફ ૯૧૬ (૨૨ કેરેટ) શુદ્ધતાવાળા ૧૦ ગ્રામ સોનાનો ભાવ આજે ૬૬૪૧૦ રૂપિયા સુધી થઈ ગયો છે. આ ઉપરાંત ૭૫૦ શુદ્ધતાવાળા (૧૮ કેરેટ) સોનાનો ભાવ ૫૪૩૬૮ પર આવી ગયો છે. તો બીજી તરફ ૫૮૫ શુદ્ધતાવાળા (૧૪ કેરેટ) આજે સસ્તું થઈને ૪૨૪૦૭ રૂપિયામાં આવી ગયું છે. આ ઉપરાંત ૯૯૯ વાળી કિલો ચાંદી આજે ૮૩૨૬૫ રૂપિયા થઈ ગઈ છે. ISO (Indian Standard Organization) દ્વારા સોનાની શુદ્ધતા જાણવા માટે હોલ માર્ક આપવામાં આવે છે. ૨૪ કેરેટ સોનાના આભૂષણ પર ૯૯૯, ૨૩ કેરેટ પર ૯૫૮, ૨૨ કેરેટ પર ૯૧૬, ૨૧ કેરેટ પર ૮૭૫ અને ૧૮ કેરેટ પર ૭૫૦ લખેલું હોય છે. મોટાભાગે સોનું ૨૨ કેરેટમાં વેચાય છે, તો બીજી તરફ લોકો ૧૮ કેરેટનો ઉપયોગ પણ કરે છે. કેરેટ ૨૪ થી વધુ હોતા નથી, અને જેટલા વધુ કેરેટ હશે, સોનું એટલું જ શુદ્ધ કહેવાય છે.

૨૪ કેરેટ સોનું ૯૯.૯% શુદ્ધ અને ૨૨ કેરેટ સોનું લગભગ ૯૧% શુદ્ધ છે. ૨૨ કેરેટ સોનામાં તાંબુ, ચાંદી, જસત જેવી ૯% અન્ય ધાતુઓનું મિશ્રણ કરીને જ્વેલરી તૈયાર કરવામાં આવે છે. જ્યારે ૨૪ કેરેટ સોનું શાનદાર હોય છે, તેના દાગીના બનાવી શકાતા નથી. તેથી જ મોટાભાગના દુકાનદારો ૨૨ કેરેટમાં સોનું વેચે છે. સોનું ખરીદતી વખતે લોકોએ તેની ગુણવત્તાને ધ્યાનમાં રાખવી જોઈએ. ગ્રાહકોએ હોલમાર્ક માર્ક જોયા પછી જ ખરીદી કરવી જોઈએ. હોલમાર્ક એ સોનાની સરકારી ગેરંટી છે, બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS) હોલમાર્ક નક્કી કરે છે. હોલમાર્કિંગ સ્કીમ બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ એક્ટ, નિયમો અને નિયમો હેઠળ કામ કરે છે.

# ગરીબ આવાસ માટે ફોર્મ ભરવાની મુદત લંબાવાઈ

અમદાવાદ, તા.૧૪

શું તમે પણ સરકારી સહાયથી પોતાના ઘરનું ઘર ખરીદવા માંગો છો? ફોર્મ ભરવાનું બાકી છે? તો હવે ઉતાવળ કરજો, ફોર્મ ભરવાની તારીખો તમારા માટે સરકાર દ્વારા લંબાવાઈ છે. જે લોકો કોઈ કારણસર ફોર્મ નથી ભરી શક્યા એવા લોકોને પણ સરકારી આવાસનો લાભ મળી શકે તે આશયથી ગરીબ આવાસ માટેના ફોર્મ ભરવાની તારીખો લંબાવાઈ છે. જાણો કઈ તારીખ સુધીમાં ફોર્મ ભરી દેવાનું રહેશે.

પીએમ આવાસ યોજના હેઠળ સમાજના ગરીબ અને અત્યંત મધ્યમ વર્ગીય પરિવારો માટે સરકાર બનાવી રહી છે ઘર. તમે પણ આ યોજનાનું ફોર્મ ભરીને તમારા સપનાનું ઘર મેળવી શકો છો. જોકે, તેમાં ફોર્મ ભર્યાના થોડા સમય બાદ સરકાર દ્વારા નિયમાનુસાર ડ્રો કરવામાં આવે છે. જેનો નંબર લાગે એને આવાસ એલોટ કરવામાં આવે છે. તેના માટે તમારે આવકનું પ્રમાણ પત્ર આપવાનું હોય છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઈડબ્લ્યુએસ આવાસ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની મુદત ચાર દિવસ લંબાવવામાં આવી છે. આવાસ મેળવવા માટે ૧૭ મે સુધી ઓનલાઈન અરજી કરી શકાશે. અધિકારીએ જણાવ્યું કે, મ્યુનિ. વેબસાઈટના મેન્ટેનન્સનું કા નુકા કામ ચાલતું હોવાથી ૪ દિવસ સર્વર ડાઉન રહેતા લોકોને ફોર્મ ભરવામાં મુશ્કેલી પડી હતી. અગાઉ અરજી કરવાની છેલ્લી તારીખ ૧૩ મે હતી. નરોડા મુઠિયામાં ૪૦૦, નરોડા-હંસપુરામાં ૨૫૫ અને ગોતા ખાતે ૪૦૦ આવાસ બનાવવામાં આવી રહ્યા છે. આ માટે ૧૫ માર્ચથી ઓનલાઈન અરજી મગાવાઈ હતી. અત્યાર સુધીમાં કુલ ૭૩,૮૦૦થી વધુ અરજી આવી છે. ગ્રીન બિલ્ડિંગ કોન્સેપ્ટથી આવાસોનું બાંધકામ કરાઈ રહ્યું છે. આવાસોમાં સોલાર પેનલ હશે. લાભાર્થીઓની પસંદગી કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રોથી કરાશે.

### રાયબરેલીની ચૂંટણી સભામાં મંચથી કરી જાહેરાત

# ટૂંક જ સમયમાં લગ્ન કરશે કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી

રાયબરેલી, તા.૧૪

રાયબરેલી લોકસભા બેઠકથી કોંગ્રેસ ઉમેદવાર રાહુલ ગાંધી અને કોંગ્રેસ મહા સચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા રાયબરેલી પહોંચ્યા છે.

આ દરમિયાન આજે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાયબરેલીમાં રેલી કરી. તેમની સાથે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા પણ હાજર હતા. આ દરમિયાન સભાથી રાહુલ ગાંધી લગ્નને લઈને સવાલ પૂછાયા, જેના પર તેમણે જણાવ્યું કે તેઓ ક્યારે લગ્ન કરશે.

ચૂંટણી રેલી દરમિયાન એક બાળકે રાહુલ ગાંધીથી તેમના લગ્નને લઈને સવાલ કરાયો હતો. આ સવાલનો જવાબ આપતા રાહુલ ગાંધીએ કહ્યું કે, 'હવે લાગે છે કે ટૂંક સમયમાં જ કરવા પડશે.' ઉલ્લેખનીય છે કે કોંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ આજે રાયબરેલીમાં ઘર-ઘર ચૂંટણી અભિયાન કર્યું. આ દરમિયાન તેઓ ઘર-ઘર જઈને લોકોને મળી રહ્યા છે.

કોંગ્રેસ નેતા અને રાયબરેલી લોકસભા બેઠકના ઉમેદવાર રાહુલ ગાંધીએ જનસભામાં રાયબરેલીથી ચૂંટણી લડવાનું કારણ જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, 'કેટલાક દિવસો પહેલા હું મા (સોનિયા ગાંધી)ની સાથે બેઠો હતો. મેં માને કહ્યું કે એક બે વર્ષ પહેલા મેં એક વીડિયોમાં કહી દીધું કે મારી બે માતા હતી એક સોનિયા ગાંધી અને બીજા ઈન્દિરા ગાંધી. બંને માતાની આ કર્મભૂમિ છે, એટલા માટે હું રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યો છું.' જણાવી દઈએ કે, આ વખતે રાહુલ ગાંધી અમેઠીથી નહીં પરંતુ રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યા છે. જ્યાં તેમની ટક્કર ભાજપના દિનેશ પ્રતાપ સિંહ સાથે છે. આ પહેલા સોનિયા ગાંધી રાયબરેલીથી સાંસદ રહી ચૂક્યા છે.

### મુસ્લિમ મહિલાઓના બુરખા ઉઠાવીને કર્યું હતું ચેકિંગ

# ભાજપના ઉમેદવાર માધવી લતા ઉપર નોંધાઈ પોલીસ ફરિયાદ

હૈદરાબાદ, તા.૧૪

હૈદરાબાદ લોકસભા બેઠક પરના ભાજપના ઉમેદવાર માધવી લતાએ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓના બુરખા ઉઠાવીને ચેક કરતા વિવાદ થયો છે. આ કેસમાં તેમની સામે માલકપેટ પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. લતાની સામે આઈપીસીની કલમ ૧૭૧સી, ૧૮૬, ૫૦૫(૧)(સી) અને લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૧૩૨ હેઠળ કેસ નોંધાયો છે. ઉલ્લેખનીય છે કે માધવી લતાનો સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેમાં તેઓ મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓની તપાસ કરતા દેખાઈ રહ્યાં છે. વીડિયોમાં જોવા મળી રહ્યું છે. માધવી લતા મતદાન કેન્દ્રની અંદર મુસ્લિમ મહિલાઓને બુરખો હટાવવા માટે કહી રહી છે અને તેમની ઓળખપત્રની તપાસ કરતા જોવા મળી રહી છે. એટલું જ નહીં તેઓ મહિલાઓને પોતાની ઓળખ બતાવવા પણ કહી રહ્યા છે. આ મામલે માધવી લતાએ કહ્યું કે મેં મુસ્લિમ મહિલાઓને પોતાની ઓળખ વેરિફાય કરવા માટે વિનંતી કરી હતી અને આવું કરવું કોઈ ખોટું કામ નથી. હું ચૂંટણીમાં ઉમેદવાર છું અને કાયદાકીય રીતે ફેસમાસ્ક પહેરેલા મતદારોના ઓળખ પત્રની તપાસ કરવાનો એક ઉમેદવારને પુરો અધિકાર છે. હું કોઈ પુરુષ નથી, હું એક મહિલા છું. મેં તે મહિલાઓને ઓળખ બતાવવા માટે સંપૂર્ણ વિનમ્રતા સાથે વિનંતી કરી હતી. મેં તેમને કહ્યું હતું કે, શું હું પ્લીઝ તમારી આઈડી કાર્ડ જોઈ શકું છું? જો કેટલાક લોકો આ વાતને મોટો મુદ્દો બનાવવા માંગે છે, તો તેનો અર્થ એ છે કે, તેઓ ડરી ગયા છે. જોકે હાલ આ મુદ્દે હૈદરાબાદમાં ચર્ચા ચાલી રહી છે.

### સૌરાષ્ટ્રથી ચારધામ યાત્રાએ ગયેલા યાત્રાળુ ફસાયા

# યમનોત્રી-ગંગોત્રીનું ઓફલાઈન રજીસ્ટ્રેશન ૧૦ દિવસ બંધ કરાયું

## યાત્રિકોની મોટી સંખ્યાને કારણે ગંગોત્રી-યમનોત્રી માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન કેટલાક દિવસ માટે સ્થગિત

દેહરાદૂન, તા.૧૪

આ વર્ષે ચારધામ યાત્રાનો પ્રારંભ થવાની સાથે જ વિક્રમી સંખ્યામાં યાત્રિકો યમનોત્રી, ગંગોત્રી, કેદારનાથ અને બદ્રીનાથ પહોંચી રહ્યાં છે. મોટી સંખ્યામાં યાત્રિકો ઉમટી પડતા તંત્ર દ્વારા યાત્રિકો માટે કરાયેલ વ્યવસ્થા ખોરવાઈ જવા પામી છે. જેના કારણે ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા માટે ઓફલાઈન રજીસ્ટ્રેશન આગામી ૨૩મી મે સુધી બંધ કરી દેવામાં આવી છે. એનો મતલબ એ થયો કે, જે લોકોએ અત્યાર સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવ્યું હશે તે જ યાત્રિકોને ગંગોત્રી અને યમનોત્રીની યાત્રા કરવા મળશે. હરિદ્વારથી ઓફલાઈન રજીસ્ટ્રેશન કરાવીને યાત્રા કરવા ઈચ્છતા યાત્રિકો ૨૩ મી મે સુધી આ બન્ને ધામના દર્શને નહીં જઈ શકે. ચારધામ યાત્રાએ ગયેલા અનેક ગુજરાતીઓ હેરાન પરેશાન થયા હોવાના અહેવાલ સામે આવ્યા છે. યાત્રાધામના માર્ગ ઉપર એકાએક ટ્રાફિક વધી જતા વાહનોની ૨ થી ૪ કિલોમીટર સુધી લાંબી કતાર લાગી જવા પામી છે. યાત્રાએ ગયેલા યાત્રાળુઓમાંથી મોટાભાગના ગુજરાતી અને સૌરાષ્ટ્રના વતની હોવાનું કહેવામાં આવી રહ્યું છે.

ગંગોત્રી-યમનોત્રીમાં ભારે ટ્રાફિકના કારણે ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સરકારી તંત્ર દ્વારા યાત્રાળુઓને માર્ગમાં રોકી દેવામાં આવ્યા છે. જેથી ઉપર જઈ રહેલા અને નીચે ઉતરી રહેલા વાહનોને કોઈ વધુ મુશ્કેલીનો સામનો ના કરવો પડે.

# જૂનાગઢ નજીક આવેલ પ્લાસવા રેલ્વે ટ્રેક પર સિંહ પસાર થતો હોવાનો વિડીયો વાયરલ



જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ નજીક આવેલા ગિરનારના જંગલમાં રહેતા સિંહો અવાર નવાર શહેરની નજીક આવેલા વિસ્તારોમાં આવી ચડતા હોય છે અને પશુઓનું મારણ કરતા હોવાના વારંવાર બનતા હોય છે. દરમ્યાન એક વિડીયો વાયરલ થયો છે જેમાં જૂનાગઢ નજીક આવેલા પ્લાસવા રેલ્વે ટ્રેક પર સિંહ પસાર થઈ રહયો હોય તેવું દ્રશ્ય સામે આવ્યું છે.

જૂનાગઢ નજીકના પ્લાસવા ગામેથી પસાર થતી રેલવે ટ્રેક પર મોડી રાત્રિના એક સિંહે દેખા દીધી જેનો વિડીયો વાઈરલ થયો છે. વાઈરલ થયેલા વિડીયોમાં જોઇ શકાય છે કે, આ સિંહે રેલવે ટ્રેક પર દોડ લગાવી હતી. જ્યારે પ્લાસવા પાસેનું રેલવે ફાટક છે ત્યાં તે શાંતિથી ચાલીને પસાર થતો નજરે પડી રહ્યો છે. આમ, સિંહે રેલવે ટ્રેક પર લટાર મારી હોવાનું જણાયું હતું. જોકે, જ્યારે સિંહે લટાર લગાવી હતી ત્યારે કોઇ ટ્રેન પસાર થતી ન હતી જેથી દુર્ઘટના ટાળી શકાઇ છે. બાકી અગાઉ અમરેલી જિલ્લાના જંગલમાંથી પસાર થતી ટ્રેન હડફેટે ચડીને અનેક સિંહો મોતને ભેટ્યા છે.આમ, અવાર નવાર સિંહો ગિરનારનું જંગલ છોડી રેવન્યુ વિસ્તારમાં આવી જતા હોય છે.

આ સિંહો પ્લાસવા,ડુંગરપુર, વિજાપુર સહિતના ગામોમાં અવાર નવાર આંટા ફેરા કરતા હોય છે. ત્યારે સિંહોના રેવન્યુ વિસ્તારમાં આંટાફેરાથી લોકોમાં ભયનો માહોલ પણ ફેલાયો છે.



# વેકેશનની શરૂઆત થતા જ યાત્રાધામ દ્વારકા સહેલાણીઓ અને યાત્રિકોનો ઘસારો









## ગોમતી સ્નાન તેમજ ઠાકોરજીના દર્શનમાં ભકતોની ભીડ : શનિ-રવિ બે દિવસ રહેઠાણની જગ્યાઓ હાઉસફુલ : ખાણીપીણીના ધંધાર્થીઓમાં પણ આનંદો

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૧૪


સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હાલ ઉનાળુ વેકેશન શરૂ થયું છે ત્યારે સહેલાણીઓ અને યાત્રિકોનો હરવા ફરવાના તેમજ ધાર્મિક સ્થળો પર ધસારો વધતો જાય છે. ત્યારે યાત્રાધામ દ્વારકા ખાતે પણ યાત્રિકોનું ઘોડાપુર ઉભરાયું છે. જેના લીધે વેકેશનની શરૂઆતમાં જ ગોમતી સ્નાન અને દ્વારકાધીશજીના દર્શન કરવા લાંબી કતારો જોવા મળી રહી છે.

તાજેતરમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તમામ પરીક્ષાઓ પૂર્ણ થતાં શાળા-કોલેજોમાં વેકેશન જાહેર કરાતાં બાળકો અને વિધાર્થીઓ પરિવાર સહિત રજાની મોજ માણવા હરવા ફરવાના સ્થળો પર ઉમટી રહ્યા છે. હાલ ઉનાળાની ગરમીએ ઉકળાટમાં માજા મુકી છે તેમ છતાં લોકો વેકેશનની મોજ માણવા બહારગામના લોકો યાત્રાધામ દ્વારકામાં વેકેશનની શરૂઆત થતા જ લોકોનો લોકોનો ઘસારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને શનિ-રવિવારમાં હજારો યાત્રિકો આવવા લાગ્યા છે. જેને લઈ ગોમતી સ્નાન અને ઠાકોરજીના દર્શનમાં લાંબી કતારો જોવા મળી હતી. યાત્રાધામ દ્વારકામાં યાત્રિકોનો ધસારો થતાં હોટલ, ગેસ્ટહાઉસ ધર્મશાળાઓ હાઉસફુલ થવા લાગ્યા છે. જેને લઈ હોટલ સંચાલકો પણ ખુશખુશાલ જોવા મળી રહ્યા છે. તો બીજી બાજુ ખાણીપીણીના ધંધાર્થીઓને ચાંદી થઈ ગઈ છે.

ત્રાધામ દ્વારકામાં ભાવિકોનો ભારે ઘસારો થતાં તંત્ર તેમજ પોલીસ વિભાગ દ્વારા યાત્રિકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી કે અગવડતા ન પડે તેના માટે તકેદારી અંગે ખાસ ધ્યાન રખાઈ રહ્યું છે.

# ભાણવડમાં એનિમલ લવર્સ ગ્રુપ નવજાત બાળ શિયાળનું રેસ્ક્યુ





(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૪

ભાણવડ તાલુકાના ઘુમલી ગામ નજીક એક ખુલ્લા કૂવામાં છ દિવસથી એક બાળ શિયાળ પડી ગયું હોવા અંગેની જાણ વાડી માલિકને થતાં તેઓએ તેને બહાર કાઢવા માટે અનેક પ્રયત્નો કર્યા હતા પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા.

ત્યાર બાદ વાડી માલિકે ભાણવડના એનિમલ લવર્સ ગ્રૂપનો સંપર્ક કરતા એનિમલ લવર્સ ચેરીટેબલ ટ્રસ્ટના અશોકભાઈ ભટ્ટ, હારુનભાઈ સહિત અન્ય સભ્યોએ રાત્રીના અગિયાર વાગ્યે સ્થળ પર પહોંચી જઈ, અને રાત્રીના અંધારામાં ખૂબ જ કઠિન રેસ્ક્યુ હાઈડ્રોલીક એનિમલ એમ્બ્યુલન્સ દ્વારા સફળતાપૂર્વક પાર પાડીને મહામહેનતે છ દિવસથી કૂવાની અંદર રહેલા આ બાળ શિયાળને બહાર કાઢી અને નવજીવન આપ્યું હતું.

આમ, મોડી રાત્રીના સમયે પણ એનિમલ લવર્સના સભ્યો દ્વારા જીવના જોખમે આ અબોલ જીવને બચાવવાની કામગીરી ખુબ જ પ્રશંસનીય બની રહી હતી.

# ગઢ જૂનો ગિરનાર કાર્યક્રમમાં કલાકારોએ જૂનાગઢની પ્રાચીન વિરાસતની સૂરીલી ગાથા ગાઈને ઉજાગર કરી









જૂનાગઢ તા.૧૪

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, ગાંધીનગર અને બી. એસ. ઈવેન્ટ આયોજિત "ગઢ જૂનો ગિરનાર" કાર્યક્રમ ગરિમા પૂર્ણ સંપન્ન થયો, કાર્યક્રમમાં ગુજરાતના નામાંકીત કલાકારો સુ શ્રી નીરુ દવે, દર્પિત દવે, હિમાંશુ મકવાણા, ધ્વનિત ત્રિવેદી, અવધ ભટ્ટ દ્વારા જૂનાગઢ અને ગિરનારનો સુરીરિલો મહિમા ગાય શ્રોતાઓ ને અભિભૂત કર્યા, કાર્યક્રમ માં ચિંતન લાઠિગરા, ગોરવ ભટ્ટી, તુષાર સોની, આદિત્ય ત્રિવેદી, રિધમ સોની દ્વારા સુંદર સાજ સંગત નીભાવાયેલ,

આ અનોખા કાર્યક્રમ નું સંકલન જાણીતા સંગીતકાર વિપુલ ત્રિવેદી અને સંચાલન લોક કલાકાર રાજુ ભટ્ટ દ્વારા થયું, કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય ચેતન ત્રિવેદી કુલપતિ, જીતુભાઈ ભીંડી, કવિ મહેન્દ્રસિંહ પઢિયાર, અમીષા માંકડ, જયકિશન દેવાણી, અમિતભાઈ ચરાડવા, રાજુભાઈ ભોજાણી દ્વારા થયેલ, કાર્યક્રમમાં જૂનાગઢનાં સંગીત રસિકો ઉપરાંત ગાંધીનગર સંસ્કૃત યુનિના પ્રો સુ શ્રી ભૈરવીબેન દીક્ષિત, તથા ગુજરાતના પ્રસિધ્ધ કલાકાર કુશલભાઈ દીક્ષિત, હેમાંગભાઈ વ્યાસ સહિત પત્રકાર શ્રી ધીરુભાઈ પુરોહિત સહિતના કલા પ્રેમી ભાઈ બહેનો એ મોડી રાત સુધી કાર્યક્રમ માણી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

# માણાવદર પંથકમાં ફુંકાયેલા વાવાઝોડાથી પ્રજાજનો સલામત

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૧૪


માણાવદર પંથકમાં રાત્રી ૧૨-૩૦ આસપાસ શરૂ થયેલા ભારે પવન સાથે વાવાઝોડાએ ઘણાને ભર ઉંઘમાંથી સફાળા બેઠા કરી દીધા હતા તો ઘણા ઘરની બહાર ખુલ્લી હવામાં મોજ માણી રહયા હતા. અચાનક ફુંકાયેલા વાવાઝોડાથી અનેક વસ્તુઓ હવામાં ફંગોળાય હતી તો વૃક્ષો ઝુલાની જેમ ઝુલતા હતા. વીજવાયરો પવનના કારણે ઝુલતા હતા. જો કે કોઈ મોટી દુર્ઘટનાની નોંધ હજી થઈ નથી. પીજીવીસીએલમાં ઘર વપરાશ વીજ ફોલ્ટનો ધોધ વરસ્યો હતો. પીજીવીસીએલની ટીમ સતત વાવાઝોડા વચ્ચે કામગીરી કરી રહી હતી. વીજ પુરવઠો શકય તેટલો પ્રજાજનોને મળે તેવી કામગીરી કરી હતી. સ્ટ્રીટ લાઈટો વાવાઝોડા વચ્ચે પણ ચાલુ રહી હતી. પીજીવીસીએલ સુત્રોએ જણાવ્યું કે, પ્રજાજનોના વીજફોલ્ટ પવન વાવાઝોડાના કારણે થયા છે જે ઝડપી કામગીરી ચાલુ છે. ખેતીવાડી ફીડરો અમુક ફોલ્ટ છે જે ચાલુ થઈ જશે તો જીનીંગ ઉદ્યોગમાં પડેલા કપાસને ઢાંકવા દોડધામ મચી હતી. જોકે વરસાદ પડયો નથી. છાંટા જ પડયા હાલ પ્રજાજનો સલામત છે. ઘાત ટળતા હાશકારો થયો છે.

# માણાવદરના સુપ્રસિધ્ધ આદિ ગણપતિ મંદિરે સવંત્સરી પાટોત્સવની ભવ્ય ઉજવણી

(ગીરીશ પટેલ દ્વારા)

માણાવદર તા.૧૪

માણાવદર જ નહિ જૂનાગઢ જીલ્લાનું એકમાત્ર સુપ્રસિધ્ધ આદિ ગણપતિ મંદિર તમામ માટે આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. દર વર્ષની જેમ શ્રી આદિ ગણપતિ મંદિરે સવંત્સરી પાટોત્સવની ઉજવણી થઈ છે. જે અંતર્ગત મંદિરમાં મહાઆરતી સાથે મહાપ્રસાદનો ભોગ ધરાયો હતો. સાથે સાથે વિનાયક ચતુર્થી હોય સમગ્ર પંથકમાંથી પ્રસાદ ધરવા લોકો ઉમટી પડયા હતા. મંદિર પાટોત્સવમાં ૧૦૮ ગણપતિ અથર્વશીષ પાઠ સાથે લાડુનો હોમ થયો હતો. બપોરે મહાપ્રસાદમાં ૩ હજારથી વધુ ભક્તજનો દર્શન માટે ઉમટી પડતા મંદિર



ચકકાજામ થયું હતું. હોમાત્મક યજ્ઞ તથા પધારેલા સંતો-મહંતોના દર્શન ભકતજનોએ કર્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ શ્રી આનંદદાસબાપુના માર્ગદર્શનમાં યોજાયેલ અને ભક્તજનોને આશિર્વાદ પ્રદાન કર્યા હતા.

# તલસીંગડામાં વતનમાં જવાની ના પાડતાં પરિણીતાનું ઝેરી દવા પીતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

માળીયા હાટીનાનાં તલસીંગડા સીમ વિસ્તારમાં રહેતા અનીતાબેન બબુભાઈ ઠાકોર (ઉ.વ. ૧૭)ને તલસીંગડા ખાતે વાતાવરણ અનુકુળ આવતું ન હોય અને પોતાને એકલી મધ્યપ્રદેશ જવા માંગતી હોય જેથી તેનાં પતિ એકલા જવાની ના પાડતા પોતાને લાગી આવતા પોતે પોતાની મેળે ખેતરમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં મૃત્યું પામતાં માંગરોળ પોલીસનાં નાયબ પોલીસ અધિક્ષક ડી.વી. કોડીયાતરે વધુ તપાસ હાથ ધરી છે.

અપમૃત્યું

મજેવડી ગામે રહેતા લખમણભાઈ ગોવિંદભાઈ વાવેચા (ઉ.વ. ૬૧)ને કેન્સરની બીમારીની દવા ચાલુ હોય પોતાના ઘરે બેભાન જેવા થઈ જતાં સારવાર માટે જૂનાગઢ સિવીલ હોસ્પીટલમાં ખસેડતાં ફરજ ઉપરનાં ડોકટરે મૃત જાહેર કરતાં તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.

ગળાફંસો ખાતા મૃત્યું

વંથલીનાં નાંદરખી ગામે રહેતા અને મુળ મિર્જાપુર ઉત્તર પ્રદેશનાં સુનીલ ઉર્ફે સોનુ મહેન્દ્રભાઈ કોલ (ઉ.વ. ૨૧) ઘરની નબળી પરિસ્થિતિથી કંટાળી જઈ ગળાફાંસો ખાતા મૃત્યું પામતાં વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ભેંસાણનાં રાણપુર ગામે જુગાર દરોડો : પાંચ ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ, તા.૧૪

ભેંસાણ તાલુકાનાં રાણપુર ગામે જાહેરમાં જુગાર રમતા રફીક માંડલીયા, અજમલ ચૌહાણ, સાહીલ ચૌહાણ, પ્રતાપભાઈ વાળા, નવાજ માલવીયાને રોકડ રૂા. ૧૦૭૪૦ સાથે ભેંસાણ પોલીસે ઝડપી લઈ જુગારધારા અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. જયારે નાશી જનાર રફીક ઉર્ફે કલો ચોટલીયાને પોલીસે ઝડપી લેવા ચક્રો ગતીમાન કર્યા છે.

# સરકારી ઉચ્ચાપત અને છેતરપીંડીના કેસમાં પોસ્ટ ખાતા નાની બચતના એજન્ટનો થયેલ નિર્દોષ છુટકારો

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ પોસ્ટ ઓફિસ હેઠળ બચત ખાતાના એજન્ટ તરીકે કામ કરતા જશવંતીબેન માધાભાઈ કકકડ તથા પ્રવિણભાઈ પોપટભાઈ કકકડ એ જુનાગઢના ડોકટર શાંતિલાલ કેશવજી ભાખર પાસેથી હોમતદારોએ નાની બચતના પંચવર્ષીય રીકરીંગ ડિપોઝીટની રકમ રૂા.૫૨,૪૦૦/- અંકે રૂપિયા બાવન હજાર ચારસો પુરા ની રકમ મેળવી રીકરીંગ ડીપોઝીટ નહિ ભરતા પોતાના અંગત ઉપયોગ માટે વાપરી નાખેલ અને ખોટા દસ્તાવેજ ઉભા કરી ખાતામાં રકમ જમાં ન કરી આ રકમની ઉચ્ચાપત કરેલ. આ બાબતે જુનાગઢ એ ડિવીઝન પોલીસ સ્ટેશનમાં ગઈ તા.૨૨/૦૫/૨૦૦૦ ના રોજ હોમતદારો વિરૂધ્ધ ઈન્ડીયન પીનલ કોડની કલમ ૪૦૯,૪૨૦, ૪૬૫,૪૬૭ વિગેરે મુજબની ફરીયાદ નોંધાતા આરોપીની ધરપકડ કરી પુરતા પુરાવા હોય, જે નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ હોય અને આશરે ૧૫ જેટલા સાહેદોને તપાસવામાં આવેલ જે કેસમાં તાજેતરમાં જુનાગઢના પાંચમાં એડીશ્નલ મેજીસ્ટ્રેટ એન.આર.સોલંકી સાહેબની કોર્ટમાં ચાલી જતા બચાવ પક્ષની દલીલો ધ્યાને લઈ નામદાર કોર્ટએ આરોપીઓનો નિર્દોષ છુટકારો ફરમાવેલ છે. આ કેસમાં બચાવ પક્ષે જુનાગઢના એડવોકેટ ભરતભાઈ એમ. રાવલ એડવોકેટ એન્ડ નોટરી તથા સિધ્ધાર્થભાઈ એમ. રાવલ, એડવોકેટ રોકાયેલ હતા.

# જૂનાગઢ : બુખારી પરિવારની ત્રણ દીકરીઓએ બોર્ડમાં જવલંત સફળતા પ્રાપ્ત કરી

જૂનાગઢ, તા.૧૪

જૂનાગઢના હુસેની મંઝિલ સૈયદ વાડા ગેબનશા રોડના રહીશ સૈયદ છોટુબાપુ બુખારી પરિવારની ત્રણ દીકરીઓ ધોરણ ૧૨ અને ૧૦ના પરિણામમાં સારા માર્ક , ઊંચી ટકાવારી સાથે પાસ થઈ છે, સૈયદ હિદાયત ફાતેમા રાજેશ બુખારી ધોરણ ૧૨ સાયન્સમાં ૯૫.૮૯ પીઆર સાથે ઉત્તીર્ણ થયેલ છે તે જ રીતે સૈયદ આલીજા ફાતેમા જહીર અબ્બાસ બુખારી ધોરણ ૧૨ કોમર્સમાં ૬૩.૨૯ ટકા અને સૈયદ્ રીદા ફાતેમા જહીર અબ્બાસ બુખારી ધોરણ ૧૦માં ૭૭.૦૩ PR સાથે શાળામાં ચોથા નંબરે પાસ થતા બુખારી પરિવારને આ ગૌરવ રૂપ પરિણામ બદલ શુભકામના પાઠવવામાં આવી રહી છે.

# વેરાવળમાં દેખાયો દિપડો : વનવિભાગ તાબડતોબ પહોંચી પાંજરૂ ગોઠવ્યું



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૧૪


ગીર સોમનાથના વડા મથક વેરાવળ ખાતે સીવીલ હોસ્પિટલની સામે આવેલ મફતીયાપરામાં લોકોએ જણાવ્યા મુજબ દિપડો દેખાતાં વનવિભાગને રાત્રે ૯-૪૫ કલાકે જાણ કરાતાં વેરાવળ વન વિભાગ અધિકારી કે.ડી.પંપાણીયા તથા સ્ટાફે તે સ્થળે પહોંચી નિરીક્ષણ કર્યુ પરંતુ કોઈ દિપડો તે સમયે દેખાયેલ નથી. આમ છતાં વન વિભાગે દિપડાને પકડવા તે સ્થળે રાત્રીભર પાંજરૂ મુકેલ છે.

# જૂનાગઢમાં મોડીરાત્રે તોફાની પવન સાથે ધુળની ડમરી ઉડી

## જૂનાગઢમાં આંધીના તોફાન વચ્ચે વૃક્ષો ધરાશાયી થવાના બનાવો : અનેક વિસ્તારોમાં વિજળી ગુલ : વિસાવદર-વંથલી પંથકમાં ૩-૩ મીમી વરસાદ નોંધાયો









વિસાવદર

જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ અને સોરઠના કેટલાક વિસ્તારોમાં ગઈકાલે મોડીરાત્રીના વાતાવરણમાં અચાનક પલ્ટો આવી ગયો હતો અને જેને કારણે ભારે પવન ફુંકાયો હતો. અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા જો કે સદભાગ્યે કોઈ જાનહાની થઈ નથી અને આ અંગેના કોઈ અહેવાલો નથી. ભારે પવન, ધુળની ડમરી વચ્ચે વરસાદી છાંટણા પણ પડયા હોવાના અહેવાલો મળી રહયા છે.

ગઈકાલે નિષ્ણાંતોની અને હવામાન વિભાગે પણ આગાહી કરી હતી કે ૧૩ તારીખથી કેટલાક વિસ્તારોમાં ભારે પવન, આંધી સાથે વરસાદ પડવાની શકયતા દર્શાવી હતી અને આગાહી સાચી ઠરી હોય તેમ ગઈકાલે મોડીરાત્રીના સમયે અચાનક હવામાનમાં પલ્ટો આવી ગયો હતો અને ભારે પવન ફુંકાવા લાગ્યો હતો. જૂનાગઢ શહેરની વાત કરીએ તો જૂનાગઢ શહેરમાં આંધી-પવન ફુંકાતા રસ્તાઓમાં ડમરીઓ ઉડી હતી. અને ધુળની ડમરીઓ વચ્ચે ઘેરાયેલા આ શહેરના અનેક વિસ્તારોમાં સુસવાટા મારતા પવન, વીજળીના કડાકા ભડાકા અને વરસાદી છાંટણા થયા હતા. ભારે પવન ફુંકાવાના કારણે ઘડીમાં જ રસ્તાઓ સુમસામ બની ગયા હતા. લોકોએ ધંધા-રોજગાર આટોપી લીધા હતા. અનેક વિસ્તારોમાં હોર્ડીંગ્સના લીરા ઉડી ગયા હતા. તેમજ કેટલાક વિસ્તારોમાં વૃક્ષો પડવાના બનાવો પણ બન્યા હતા. જો કે કોઈ સદભાગ્યે કોઈ જાનહાની થઈ નથી. જૂનાગઢ શહેરમાં આંધી સાથે ભારે પવન ફુંકાતા અનેક વિસ્તારોમાં વીજળી ગુલ થવાના બનાવો બન્યા હતા અને છેક વહેલી સવારે ચારેક વાગ્યાના અરસામાં તોફાન શાંત થતા વીજળી પુર્વવત થઈ હોવાનો અહેવાલો મળી રહયા છે દરમ્યાન જૂનાગઢ જીલ્લાના વિવિધ તાલુકામાં પણ અનેક શહેરમાં ભારે પવન ફુંકાયો હતો અને હવામાનમાં પલ્ટો આવી ગયો હતો. વિસાવદર પંથકમાં રાત્રીના ૧૨થી ૨ વચ્ચે ૩ મીમી જેવો વરસાદ નોંધાયો હતો જયારે વંથલી પંથકમાં ૧૦થી ૧૨ વચ્ચે ૩ મીમી વરસાદ નોંધાયો હતો. આ વર્ષે ચોમાસું વિધીવત શરૂ થાય તે પહેલા જ સાયકલોનીક સકર્યુલેશન સર્જાતા ભારે પવન અને વરસાદી છાંટણાનો માહોલ સર્જાયો હતો.

# જૂનાગઢના વિલીંગ્ડન ડેમની તુટેલી રેલીંગ તત્કાલ રીપેર કરવા માંગ





જૂનાગઢ તા.૧૪

જૂનાગઢ શહેરમાં આવેલા અતિરમણીય સ્થાન અને પ્રવાસી જનતાને આકર્ષણરૂપ એવા વિલીંગ્ડન ડેમની રેલીંગ તુટી ગયેલ છે પરંતુ તંત્ર દ્વારા કોઈ ધ્યાન દેવામાં નથી આવ્યું. આ તુટી ગયેલી રેલીંગ અકસ્માતનો ખતરો બને તે પહેલા જ તાત્કાલીક અસરથી રેલીંગ રીપેર કરવાની માંગ ઉઠવા પામી છે.

હાલ ઉનાળાના વેકેશનનો સમય ચાલી રહયો છે ત્યારે લોકો પોતાના પરિવારજનો સાથે જુદા જુદા ફરવાલાયક સ્થળોએ જતા હોય છે ખાસ કરીને ભવનાથ વિસતાર, વિલીંગ્ડન ડેમ, દાતારબાપુની જગ્યા સહિતના સ્થળોએ પ્રવાસીઓનો ભારે ધસારો રહે છે. ફરવા લાયક સ્થળોએ મોટી સંખ્યામાં લોકો આવતા હોવા છતાં પણ તંત્ર દ્વારા તેની સાર સંભાળ ન લેતા હોવાની અનેક ફરીયાદો ઉઠી છે. આ દરમ્યાન વિલીંગ્ડન ડેમ ખાતે રેલીંગ તુટેલી હાલતમાં છે અને આ તુટેલી રેલીંગના કારણે જીવલેણ અકસ્માત સર્જાય શકે તેમ છે તેવી ભીતી છે. તુટેલી રેલીંગના કોઈ જીવલેણ અકસ્માત સર્જાય તે પહેલા રીપેર કરવાની માંગણી ઉઠવા પામી છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

BHARAD VIDHYA MANDIR JUNAGADH

કામ કરે ઇ જીતે માલમ, કામ કરે ઇ જીતે
ભરાડ વિદ્યામંદિરના તેજસ્વી તારલાઓ આભમાં ચમક્યાં...

માર્ચ ૨૦૨૪ બોર્ડ પરીક્ષામાં શાળાના તેજોમય પરિણામો

S.S.C. 100 %



MEHTA PAVAN M.
S.S.C. SCHOOL FIRST
98.55 P.R.

H.S.C. (SCIENCE) 98 %



SOLANKI SIDHDHI B.
HSC (SCIENCE) SCHOOL FIRST
85.77 P.R. Gujcet 75.64 P.R.

H.S.C. (GENERAL) 98 %



GOHEL ARYAN B.
HSC (GENERAL) SCHOOL FIRST
93.00 P.R.

વિદ્યાર્થીઓ અને વાલી ગણની આ શાળા પ્રત્યેની નિષ્ઠા હવે અમારી પ્રતિષ્ઠા બની છે.

ભરાડ સ્કૂલ નિશાળ હવે એવી વિશાળ બની છે જયાં વર્ગખંડનાં તમામ છાત્રો અમારા 'સુપર સ્ટાર' છે.
મધ્યમ વર્ગનાં પરિવારનાં બાળકો સ્વમાનથી ભણે, ઉગે અને નિખરે તેવું શ્રેષ્ઠ પર્યાવરણ

નાના માણસની મોટી સ્કૂલ... ભરાડ સ્કૂલ શા માટે વિશેષ ?

- જયાં સૌને પરવડે એવી ફી અને સરળ હપ્તાની સુવિધા છે.
- અહીં અદ્યતન જીવવિજ્ઞાન, રસાયણ શાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળા છે.
- અહીં અદ્યતન સેન્ટ્રલ એસી. મલ્ટીમિડીયા હોલ છે.
- અહીં અદ્યતન સેન્ટ્રલ એસી કમ્પ્યૂટર લેબ છે.
- અહીં નાના ભૂલકા માટે ક્રિડાંગણ છે.
- અહીં પંચતંત્રની વાતો દ્વારા સહજ શિક્ષણ છે.
- વર્ગ ખંડને સ્વર્ગખંડ બનાવનારા શિક્ષકો છાત્રોને સમર્પિત છે.
- નાચે કૂદે ને સૌ ભણે તેવું અનોખુ ભાવાવરણ છે.

ખુબ ઊંચી ફી ભરી થાકી ગયેલ વાલીગણ માટે ભરાડ સ્કૂલ આશાનાં તોરણ લઈને આવી છે.

બે-ચાર કે પંદરને સ્કોલરશીપ તો બધી શાળા આપશે,
ભરાડ સ્કૂલમાં પ્રવેશ મેળવનાર તમામ છાત્રોને ૧૦ % સ્કોલરશીપ આપવા જાહેર કરીએ છીએ.

| ધોરણ | પ્રથમ સત્ર ફી (૧૦% રાહત સાથે) | બીજા સત્ર ફી (૧૦% રાહત સાથે) | વાર્ષિક ફી (૧૦% રાહત સાથે) |
|---|---|---|---|
| બાલ મંદિર LKG / HKG/બાલ વાટિકા | 5,175/- | 5,175/- | 10,350/- |
| પ્રાથમિક વિભાગ ધો. ૧ થી ૮ | 6,210/- | 6,210/- | 12,420/- |
| માધ્યમિક વિભાગ ધો. ૯,૧૦ | 9,900/- | 9,900/- | 19,800/- |
| ઉચ્ચ માધ્યમિક વિભાગ ધો. ૧૧ આર્ટસ, કોમર્સ | 12,150/- | 12,150/- | 24,300/- |

ધોરણ ૧૧-૧૨ સાયન્સમાં શિક્ષણ બોર્ડ - ગુજકેટ તથા નીટ સહિતનો સંપૂર્ણ અભ્યાસ ક્રમ - પ્રેકટીકલ - રીવિઝન સાથે

ભરાડ ગર્લ્સ હોસ્ટેલ-જૂનાગઢ ભરાડ બોયઝ હોસ્ટેલ
વિશેષતાઓઃ- શાળા દ્વારા સંચાલિત ગર્લ્સ હોસ્ટેલમાં રહેવા જમવાની ઉત્તમ સુવિધા. શાળા પરિસરમાં જ હોસ્ટેલ હોઈ સંપૂર્ણ સલામતી ભર્યુ વાતાવરણ.



જ્ઞાન સેતુ, જ્ઞાન સાધના, પી.એમ. યશસ્વી માન્ય શાળા
શિક્ષણ વિભાગની શિષ્યવૃત્તિ પરીક્ષામાં ઉતિર્ણ થનાર ગુજરાતનો કોઈપણ વિદ્યાર્થી શિક્ષણ વિભાગની માન્ય શાળામાં વિના મૂલ્યે પ્રવેશ મેળવી શકે છે.શ્રી ડી.કે. ભરાડ વિદ્યામંદિર, જૂનાગઢ માન્ય શાળા હોઈ ધો.૬, ધો.૯ કે ધો.૧૧માં વિનામૂલ્યે આ શાળામ પ્રવેશ મેળવી શકે છે.
SC/ST/OBC/EBC જ્ઞાતિના છાત્રોને નિયમાનુસાર શિષ્યવૃત્તિ મળશે.

A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર ને 100 % ફી માફી | A2 ગ્રેડ માટે 50 % ફી માફી | B2 ગ્રેડ માટે 20 % ફી માફી

ધોરણ ૧૧ સાયન્સ, કોમર્સ અને આર્ટસમાં પ્રવેશ કાર્ય માટે રૂબરૂ મળો. કાર્યાલય સમય : સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી.

શ્રી ધીરૂભાઈ કાનજીભાઈ
ભરાડ વિદ્યામંદિર પ્રવેશ માટે રૂબરૂ મળો : વંથલી રોડ, મધુરમ, જૂનાગઢ. 90999 65151, 52, 53